Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૧ : અંક ૮–૯ ] અમદાવાદ : ૧૫–૬–૪૬ [ ક્રમાંક ૧૨૮–૧૨૯

## વિષય–દર્શન

૧ સં. ૧૮૨૭ નો એક પત્ર : પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી : ટાઈટલ પાનું ૨–૩
૨ કલ્પસૂત્ર અને કાલકાચાર્ય કથાનક લખાવનાર
શ્રાવક સિંહરાજની પ્રશસ્તિ : શ્રી. પં. અંબાલાલ પ્રે. શાહ : ૨૨૫
૩ અજ્ઞાત કવિરચિત જંબુસ્વામી–ફાગ : પ્રો. ભોગીલાલ જ. સાંડેસરા : ૨૨૮
૪ अनुवादकी आवश्यकता : डा. बनारसीदासजी जैन : २३३
૫ च्छ અને त्थ ની ભૂલવણીથી થયેલ
એક કલ્પિત નિર્ણયની સમીક્ષા : પૂ. મુ. મ. શ્રી. દર્શનવિજયજી : ૨૩૫
૬ राजगच्छ पट्टावली : श्री. भंवरलालजी नाहटा : २३९
૭ આરાધક ભાવના : પૂ. આ. મ. શ્રી. વિજયપદ્મસૂરિજી : ૨૪૨
૮ મોંઘા વાત્સલ્યનાં મોંઘાં મૂલ્ય : પૂ. ઉ. મ. શ્રી સિદ્ધિમુનિજી : ૨૪૭

લવાજમ–વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના

ACHARYA SRI KAILASSAG URI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિ. સંવત ૧૮૨૭ ના એક પત્ર*

## સં. પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

અહીં નીચે આપવામાં આવે છે તે એક પ્રાચીન અને ધર્મભાવનાથી ભરેલા, સં. ૧૮૨૭ની સાલમાં લખાયેલ પત્રની નકલ પાટણ (ગૂજરાત)ના ઠે. વાગોળ પાડાના રહીશ વીશા પોરવાડ શા વાડીલાલ ઉજમચંદનાં વિધવા પત્ની બાઈ હરકોરબેન પાસેથી જિનગુણ-ગાયક ભાઈ અમૃતલાલ મોહનલાલ અને ગિરધરલાલ હેમચંદે વેચાણ લીધેલ હ. લિ. પુસ્તકોમાંના એક પુસ્તકમાંથી લેવામાં આવેલ છે. ૧૭૫ વર્ષ પહેલાં લખાયેલ આ પત્ર તે કાળમાં પ્રવર્તતી ધર્મભાવનાના પ્રતીકરૂપ હોવાથી ઉપયોગી સમજી અહીં આપવામાં આવે છે.

સ્વસ્તિ શ્રી આદિજિનં પ્રણમ્યં શ્રી સૂરેતબિંદરે સથાને પૂજારાધે પૂજ જિનમાર્ગ રૂચી, પંચાંગી પ્રમાણ, કોઈ રીતે શ્રદ્ધાવંત, આતમતત્વધર્મ કોઇ રીતે સાંભલવાના રસીક, યથાર્થ ભાવના ભલા ખીય (?) નેકઓપમાયોગ્ય, પૂજ્ય, સાશ્રી ૫. ગુલાબચંદ દુર્લભદાસજી ચરણાન્ શ્રીરાયધનપુર થકી લિખતં વારીયા શાંતિદાસ લાધાના પ્રણામ વાંચજો. જત ઇહાં પુન્યોદય માફક સુખશાતા છે. તમારા સુખશાતાના સમાચાર લખવા, જીમ જીવને સનમુખ મિલ્યા જેટલો હરખ ઉપજે. અપરંચ બીજું કાગલ કોઇ તુમારો આવ્યો નથી. અમો પિણ પ્રમાદે કરી લિખાણો નથી. બીજું જિનધર્મ પરમ આધાર છે. સંસારમાં ધર્મ ઉપરાંત બીજી વસ્તુ કસી છે નહી. આતમા અસંખ્યાત પ્રદેસી જ્ઞાન દર્શન ચારિત્ર એ રત્નત્રયી ધર્મ અનંતી રૂદ્ધિનો ધણી છે. અકેક પ્રદેશ અનંતા ગુણ મૂલમાં અવ્યાબાધ પ્રમાણે રહ્યા છે, એહવું આત્માનું સ્વરૂપ છે. તે આત્મા અનાદિ કાલનો અસુદ્ધિ પ્રણીતે કરીને પરભાવનો ભોગી થઇને આઠે કર્મે અવરાણો પડયો છે તે હવે કોઇ અનંતા પુણ્યોદય થકી દશે દૃષ્ટાંતે દોહીલો રત્નચિંતામણ સરીખો પામીને આત્માને હેત કરવું, આતમાર્થી જીવ હોય તે રૂડા પ્રસસ્થ શુભ કારણ જોડીવાં કારણ રૂપે રાખી સુદ્ધ ઉપયોગે કાર્ય માની અનૂષ્ટાંન ૩ વિષયા ગરલા અનંતા ॥૩॥ છાંડીને અનૂષ્ટાંન ॥૨॥ તદહેતુ અમૃતા આદરીને આતમ તત્ત્વ ધર્મરત્નત્રયાના સાધનતા કરસે, તે મનખો ભવ સફલ કરસે. ફરી ફરીને મનીખો ભવ જિનશાસનની શ્રદ્ધા પામવી ખરે દુર્લભ છે. દિન દિન વિષયકષાય રાગદ્વેષ પાતલાપાડવાજી, તમો તો કોઈ રીતે રૂડા જીવ છો, સર્વે આત્માર્થી જીવને હેત કરવુંજી. પંચમ કાલમાં જિનઆગમ જિનથાપના પરમ આધાર છે. જિનઆગમ સર્વ પદાર્થનો ઓલખાવણહાર છે, તે માટે જિનાગમ જિનથા-પનાનાં ઘણાં બહુમાન કરવાં, ઘણા રત્ન મોતીએ વધાવવાં. એહવા આગમ ઉપ ગારી છે. ગુણગ્રાહી થવાના પ્રણામ ઘણાં રાખવા. એક ગુણની અનુમોદના કરી તે અનંતા ગુણની અનુમોદના કરી, એક ગુણ દુખયો તેને અનંતા ગુણ દુખયા. તે આશાતના ગુણની કરવી નહી ગુણગ્રાહી થાવું પુદ્ગલની ધસગુમેં થોડું પ્રવર્તવું. પ્રસસ્થ કારણ જોડવાં, અપ્રસસ્થ કારણ થકી ઓસરવૂં. સંસારમે રહ્યા તે અપ્રસસ્થ કારણ મિલે તે પણ ઓસરે તે પ્રમાણે પ્રવર્તવું, ઓદાસ રહેવું,

---

* વાડીલાલ ઉજમચંદના પિતા પાટણથી ધંધાના અંગે સુરત રહેતા હતા તેથી પાટણમાં તેમની સુરતીની અટક કહેવાતી હતી. માટે આ પત્ર તેઓ સુરત રહેતા હશે ત્યારે હાથ આવેલ હશે તેમ માનવું છે.

[ અનુસંધાન–ટાઈટલના ત્રીજા પાને ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशींगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष ११ | વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૬ | क्रमांक |
| अंक ८–९ | વૈશાખ-જેઠ વદિ ૧ : શનિવાર : ૧૫ મી મે-જૂન | १२८–१२९ |

કલ્પસૂત્ર અને કાલકાચાર્યકથાનક લખાવનાર

## શ્રાવક સિંહરાજની પ્રશસ્તિ

સં. પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, મુંબઈ.

ડેલાના ભંડારની પ્રત નં. ૧૬/૧ ૪૭૯ની પ્રતમાં નીચે મુજબ પ્રશસ્તિ છે.—

इति श्रीकालिकाचार्य कथानकं समाप्तं ॥

श्रीश्रीवंशे मुक्तामणिरिव विरराज **वृद्धशाखायाम्** ।
**लषमा**देवीदयितो लक्षेशो **लषमसो**नामा ॥ १ ॥

तत्पुत्रः सुपवित्रो विचित्रचरितैश्च चित्रकृच्चित्तः ।
**वाछिग**नामा विमलो **देवी**पतिराबभाविभ्यः ॥ २ ॥

तत्कुलकमलाकेलीकमलं विमलाशयः कलाकुशलः ।
**राजल**देवीभर्त्ता शुशुभे श्री**रत्नसिंहा**ख्यः ॥ ३ ॥

तस्य कुलस्याभरणं शरणकलकीर्त्तिगुणसमूहानाम् ।
**नांई**पतिरतिचतुरो **वीरो** हि पराङ्गनावीरः ॥ ४ ॥

तस्य सुतानां त्रितयं समस्ति संपूर्णभुवनविख्यातम् ।
तत्त्वत्रितयागारं त्रिवर्गसंसाधने निरतम् ॥ ५ ॥

प्रथमस्तेषु प्रथमो धर्मिषु धीरेषु दानशौण्डेषु ।
**कीकाङ्ग**जेन सहितो **नगराजः** पार्वतीनाथः ॥ ६ ॥

पुनरिह तृतीयसंख्योऽसंख्यगुणालीनिवास आभाति ।
**हेमाई**प्राणपति**र्गोधा**ख्यो गेयगुणकलितः ॥ ७ ॥

अथ द्वितीयो भुवि **सिंहराजः** कलिद्वीपप्रोद्भटसिंहराजः ।
दानादिसंतोषितसत्समाजः संशोभते प्रीणितवीरराजः ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुश्राविका तस्य समस्त्यमाना धर्मक्रियासाधनसावधाना ।
मोहेन मुक्ता **मटकी**ति नाम्नी गङ्गातरङ्गोज्वलशीलधाम्नी ॥ ९ ॥
तयोः सुतः सर्वगुणैरुपेतः प्रज्ञाक्षमाजीवदयानिकेतः ।
**इन्द्राणिका**मानसवल्लभेशः श्री**हंसराजो**ऽस्ति कलानिवेशः ॥ १० ॥
तस्यापि सुतत्रितयी समस्ति संप्रत्यनेकधा विबुधाः ।
**जासल**देवीदयितो **जसराजो** जयति जगतीह ॥ ११ ॥
तस्माच्च **हेमराज**स्ततोऽपि दक्षोऽस्ति **शान्तिदासा**ऽऽह्वयः ।
इत्यादिसकलपरिकरवृतः शुभति (शोभते) **सिंहराजे**भ्यः ॥ १२ ॥
श्री**कल्पपुस्तक**मसावलीलिखद् विपुलविभवदानेन ।
श्री**भावसागर**गुरोर्वचनामृतमद्भुतं पी[त्वा] ॥ १३ ॥
श्री**कीर्त्तिमेरु**सूरीश्वरेभ्य उपकारितं च तेनैव ।
श्री**स्तम्भतीर्थ**नगरे वर्षे व्योमाङ्कतिथिसंख्ये(१५६०) ॥ १४ ॥
यावच्चन्द्रदिनेशावुदयिते गगनमण्डले विपुले ।
मुनिभिर्वाच्यमानं तावदिदं पुस्तकं जयतु ॥ १५ ॥
इति श्रीकल्पप्रशस्तिः ॥ टं० ६९ लागा

પત્ર ૭ । ( ૯૬ થી ૧૦૨ )

## ભાવાર્થ

શ્રીવંશની વૃદ્ધ શાખામાં મુક્તામણિ જેવા લખમા દેવીના પતિ લખમસી નામે લક્ષાધિપતિ હતા. તેના પુત્ર વાછિગ નામે હતા તે પવિત્ર અને વિચિત્ર ચરિત્રથી ચિત્તમાં આશ્ચર્ય કરાવે તેવા હતા. તેને દેવી નામે પત્ની હતી. તેના કુળમાં લક્ષ્મીની ક્રીડાના કમળસ્વરૂપ, શુભાશયવાળા અને બધી કળાઓમાં નિપુણ રત્નસિંહ નામે પુત્ર થયો. તેને રાજલદેવી નામે પત્ની હતી. તે કુળમાં શણગારરૂપ, કીર્તિ અને ગુણસમૂહના શરણરૂપ વીર નામે અત્યંત ચતુર અને ચરિત્રશીલ પુત્ર થયો. તેને નાંઈ નામે પત્ની હતી. તેમને ત્રણ પુત્રા થયા. તે સમગ્ર ભુવનમાં વિખ્યાત, ત્રણ તત્ત્વના આધારરૂપ અને ત્રણ વર્ગ સાધવામાં ઉદ્યમશીલ હતા. તેમાં પ્રથમ નગરાજ નામે ધર્મી, ધીર અને દાનીપુરુષોમાં શ્રેષ્ઠ હતો. તેને પાર્વતી નામે પત્ની અને કીકા નામે પુત્ર હતો. ત્રીજો પુત્ર જે અનેક ગુણોના આધાર હતા અને જેની કીર્તિ ગવાતી હતી, તેનું નામ ગોધા હતું. તેની પત્નીનું નામ હેમાઈ હતું. બીજો પુત્ર સિંહરાજ નામે હતો. તે કલિરૂપ હાથીને માટે ઉદ્ભટ સિંહરાજ હતો. તેણે દાનથી સંતાને સંતાષ્યા હતા અને વીર રાજાઓને પણ ખુશી કર્યા હતા. તેને સરળ હૃદયી અને ધર્મક્રિયામાં સદા તત્પર મટકી નામે પત્ની હતી; જેનું ચારિત્ર્ય ગંગાના ઉજ્જવળ તરંગ જેવું નિર્મળ હતું. તેમને અનેક ગુણોવાળા, પ્રજ્ઞા, ક્ષમા અને જીવદયાનું ઘર જાણે હોય તેવા કળા કુશળ હંસરાજ નામે પુત્ર હતો. તેની પત્ની ઇન્દ્રાણિકા નામે હતી. તેને પણ ત્રણ પુત્રા થયા, તેમાં જાસલદેવીના પતિ જસરાજ નામે હતો. બીજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેમરાજ અને ત્રીજો શાંતિદાસ નામે હતો. આ બધા પરિવારથી યુક્ત ધનાઢ્ય સિંહરાજ શોભતો હતો. તેણે વિપુલ લક્ષ્મીના દાનથી સ્તંભતીર્થ (ખંભાત) માં સં. ૧૫૬૦ માં શ્રી કીર્તિમેરુસૂરીશ્વરથી ઉપકાર કરાયેલા શ્રીભાવસાગર ગુરુનાં વચનામૃત પીને કલ્પસૂત્ર નામનું આગમ પુસ્તક લખાવ્યું.

આ પુસ્તક ગગનમંડળમાં સૂર્ય ચંદ્ર ઊગે ત્યાં સુધી મુનિઓ દ્વારા વંચાતું જય પામો !

## વંશવૃક્ષ

- લખમસી (લખમાદેવી)
  - વાછિગ (દેવી)
    - રત્નસિંહ (રાંજલદેવી)
      - વીર (નાંઈ)
        - નગરાજ (પાર્વતી)
          - કીકા
        - સિંહરાજ (મટકી)
          - હંસરાજ (ઇંદ્રાણિકા)
            - જસરાજ (જાસલદેવી)
            - હેમરાજ
            - શાંતિદાસ
        - ગોધા (હેમાઇ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અજ્ઞાત કવિ–રચિત

# જંબુસ્વામી–ફાગ*

### સંપાદક—પ્રો. ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ.

[ પ્રસ્તુત જંબુસ્વામી ફાગ પંદરમા સૈકામાં, સંવત્ ૧૪૩૦માં રચાયેલું પ્રાચીન ગુજરાતી ભાષાનું જૈન કાવ્ય છે. આનાથી પણ પ્રાચીન સમયમાં સંવત્ ૧૨૬૬માં અપભ્રંશમાં "જંબુચરિત્ર" લખાયેલું છે, તથા આ કાવ્ય રચાયા પછી સંવત્ ૧૪૯૫માં જંબુસ્વામી–વિવાહલો રચાયેલો છે. અપભ્રંશમાં બીજાં કેટલાંક કાવ્યો જંબુસ્વામી વિષેનાં છે, તેમ પછીના સૈકાઓમાં જંબુસ્વામી વિષે જે સંખ્યાબંધ કાવ્યો લખાયેલાં છે તેમનો અહીં નામનિર્દેશ કરવાની જરૂર નથી. આ કાવ્યની હ. લિ. પ્રત પ્ર૦ શ્રી કાન્તિવિજયજી મ૦ની છે—સંપાદક ]

વંદિવિ વીર કૃપાનિધિ, સાનિધિ દાન અપાર,
પામીય સુહગુરૂ આયસુ, ગાઈસુ જંબકુમારુ;
મગધ દેશ મુખભૂષણુ, દૂષણુ રહિત નિવાસુ,
નયર રાજગૃહ રાજએ, ગાજએ જગિ જસવાસુ. ૧

સોહઈ નહિં સુગુણાયર, સાયર ભરીય ગંભીરુ,
રિસહદત્ત વિવહારીયુ, ધારીય નીજ મનિ ધીરુ;
તાસ ઘરણી ગુણધારણી, ધારણી નામ પ્રસિદ્ધ,
અમીયવેલિ જિમ મંદિર, સુન્દડી સોલિ સમિદ્ધ. ૨

જંબુકુમરુ તસુ નંદન, નંદન તરુ સમુ છાયુ,
કાયકંતિ બહુ ભાસરુ, વાસરનઉ જિમ રાઉ;

---

*સં. ૧૪૩૦માં કોઈ અજ્ઞાત જૈન કવિએ રચેલા આ ફાગુ કાવ્યનો ટૂંક પરિચય આપતાં પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિકના માર્ચ ૧૯૪૬ના અંકમાં પ્રસિદ્ધ થયેલા 'આપણાં ફાગુ કાવ્યો'એ નામના પોતાના લેખ (પૃ. ૧૭૩)માં જણાવે છે: "આ વેગવંત અને સુન્દર કાવ્ય શ્રી. ભોગીલાલ સાંડેસરાએ સંપાદિત કર્યું છે અને એ 'ગુજરાતી'ના ઈ. સ. ૧૯૩૨ના દીપોત્સવી અંક (પૃ. ૪૨)માં છપાયું છે. એમાંથી કેટલીક કડીઓ આપણા કવિઓ (પૃ. ૩૧૬–૭૭)માં અપાયેલી છે. ઉપર્યુક્ત અંક આજે સુલભ નથી, તો એ ફરીથી પ્રસિદ્ધ થવું ઘટે." આ સૂચનને અનુસરીને પ્રસ્તુત 'જંબુસ્વામી ફાગ'નું પુનર્મુદ્રણ અહીં કર્યું છે. એ ફાગ જે સ્વરૂપે 'ગુજરાતી'ના દીપોત્સવી અંકમાં છપાયો છે તે જ સ્વરૂપે, માત્ર મુદ્રણદોષો સુધારીને અહીં આપ્યો છે. જૂની ગૂજરાતીના એક સુન્દર કાવ્યનું આ પુનઃપ્રકાશન આ વિષયના અભ્યાસીઓને કંઈક ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરુવમ રૂવિ પુરંદરુ, સુંદર સોહગ સારુ,
કદલિદલાવલિકોમલુ, નિમ્મલ જસ આધારુ. ૩

સસિમંડલ ગંગાજલ ઉજ્જલ, ગુણિ સંજુત્તુ;
લાવનસિરિ લીલાવન, જોવનવય સંપુત્તુ;
ઇણિ અવસરિ ગહગહતઉ, પહુત્તઉ માસવસંતુ,
દક્ષિણવાય વિકાસીય, વાસીય વનિ વિહરંતુ. ૪

રમલિ કતૂહલ કલીઉ, મિલીઉ નિજ પરિવારિ,
જંબુકુમરુ બહુ તરિવરિ, ગિરિવરિ ગિઉ વૈભારિ;
કામીય કેલિકિ પરિમલિ, રમલિ કરઈ બહુ ભંગિ,
રમઇ રસાલ તરુણીય, કરણીય નવનવ રંગિ. ૫

પંથીયજન મન દમણઉ, દમણઉ દેખિ અનંગુ,
રંગ ધરઈ મન ગરૂઉ, મરૂઉ પલ્લવ ચંગુ;
કામીણુમન તણું કંપક, ચંપક વન બહકંતિ,
કામીવજયધજ જમણીય, કદલીય લહલહકંતિ. ૬

પરિમલ કેલિઅ માલીય, જિમ જાતિય વિહસંતિ,
મહૂયર તિમતિમ રુણઝુણ, રુણઝુણકાર કરંતિ;
વનિ સેવત્રીય વેઉલ, બેઉ લહઇં બહુમાન,
વઉલસિરિ વનિ ખેલઇ, મેલ્હઇ માનિની માન. ૭

વાલઉ સુરભિ સુઆલઉ, આલઉ મયણુ નરિંદ,
પાડલ પરિમલ વિકસીય, વિહસીય નય મુચકંદ;
જિમજિમ દાડિમિ પાચઇ, માચઈ તિમ રિતુરાઉ,
રાયણિ ડાલિ લહલહતીય, વહતીય ફલસમવાઉ. ૮

ફલભરિ ભરિય બીજઉરીય, મઉરીય મંજરી ચંગ,
નારિંગી ફલ આત નમતીય, ગમતીય મનિહિ સુરંગ;
કુસુમ તણઈ ભરિ સોહઇ, મોહઈ મન જંબીર.
કુવલયદલ બહુ વિકસઇ, નિવસઇ વનિ કણવીર. ૯

કમલ સરોવર વાસઈ, વાસઈ હંસ ગંભીરુ,
મયણરાય પહરાઉત, રાઉત કિર અતિ ધીરુ;
ફલદલભારિ મનોહર, મોહ રચઇ સહકાર,
મંજરિ મઉર બહકઇ, ટહકઇ કોઈલિ સાર. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈણિવનિ ખેલીય વલિઉ, મિલીઉ સોહમ સામિ,
અમીય સમાણીય વાણીય, નિસુણિય સુહપરિણામિ;
સપરિવાર ઘરિ આવઇ, ભાવઈ નવિ સંસાર,
જણણીય માંડ મનાવીય, તઉ વીવાહ કુમાર. ૧૧

ઘરિ ઘરિ ગૂડીય લહકઇ, ઝલકઇ તોરણ બારિ,
રંગિ, તરંગિ ગાયઇ, માયઈ હરખિ ન નારી;
કન્યા અભિનવ જોવન, સોવનવન્ન સમાણા,
માગીય રૂવિ તિલુત્તમ, ઉત્તમવંસ પહાણા. ૧૨

આઠઇ દિસિ મનરંજન, અંજન ભૂમહીય નારિ,
આઠઈ ગુણ સંપન્નીય, ઉપન્નિ સંસારી;
સિરવરિ વેણીય લહકઈ, મહકઈ ચંપકમાલા,
રતિપતિ ઘણું સમાણઉ, જાણઉ ભાણ વિસાલા. ૧૩

ભુમહિય રૂવ કુસુમસરિ, અવસરિ તોરણમાલ,
ત્રિભુવન જય ઉલ્લાસિંહિં, લાસિંહિં કીય સમકાલ;
લાડીય પંકયલોયણી, જોયણી જગમન મોહ,
કન્નજૂયલ રસલવણિમ, નિંરૂવમ સારણિ મોહ. ૧૪

ગરુડચંચુ સમ સરલઉ, તરલઉ નાસાવંસુ,
અહરબિંબ પરવાલિય, લાલીય રાગ વિસેસુ;
વિમલ કપોલ તિ દીપઇ, જીપઇ દિણયર કંતિ,
હંતપંક્તિ દાડિમકલિ, મિલીય રહીય એકંતિ. ૧૫

કોઇલિ–મોર મરાલીય રાખીય, વિનિજીય જેણ,
કંઠુ તિરેહઉ છાજઇ, ગાજઈ કારણિ તેણ;
અતિ સરલિય ભૂયજૂયલીય, કુંચલીય કમલસમાણ,
પાણિજૂયલ નહ કિરણિહિં. અરુણિહિં રાગ નિહાણ. ૧૬

મનમથિ ઠવીય પયોહર, મોહરસાવલિ તુંગ,
લવણિમ ભરીય અંકુરીય, પૂરીય રાગિ નિતંબ;
ત્રિભુવન મોહણી તિવલીય, ત્રિવલિ જિસી મૃગનાભી,
કામકેલી પદ દોષલી, છલીય રસાલીય નાભી. ૧૭

કીરતિથંભ સમાણીય, આણીય મકુરુ સમાન,
મયણરાય આરોપિય, લોપિય જગજણ માન;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચલણુતિ કમલ હરાવઈ, નાવઈ કુણિ ઉપમાનિ,
કન્યા એઉ સલુણિય, કુણિય નવિ ગુણી માનિ. ૧૮

હંસવસહ ગયગયણીય, રમણીય નયણ મિલંતિ,
જંબુકુમર નવરંગિહિં, અંહિં સિણગારંતિ;
સિરિ ખૂંપ સિખરાઉલ, વાસ ઉંચ એક ચારુ,
કુંડલ મુકુટ મનોહર, સોહ રચંતિ અપારુ. ૧૯

અંગદ બાહુ ઝલકઈ, લહકઇ મોતીય હાર,
પહિરિય અંગ સુરંગીય, અંગીય જાદર સાર;
કુમર રથિહિં આરોહીવ, સોહિય નવ સિણગારિ,
કુતિગ અતિહિ ઉતાવલી, મિલીય સયલ પુરનારી. ૨૦

ઈણિ રૂવિહિં અવચરિયઉ, સહીય મહીય અમરિંદ,
જંબુકુમર વર ચાલઇ, આલઈ મનિ આણંદ;
મહુર ગુહિર સરિ ગોરીય, ધોરીય ધવલ નિનાદ,
તૂરતિ વલિ જય બંદીય, જય જય મંગલ સાદ. ૨૧

સિરહિ છત્ર ચામર ઢલઇ, મિલઈ તિ લોક અનેકિ,
બહિનડી લૂણ ઉતારઇ, વારઇ અસુહ વિવેકિ;
જંબુકુમરુ ઈણિ ઉચ્છવિ, સુચ્છવિ આઠઇ નારિ,
સુજનિ માંડ પરણાવિઉ, આવિઉ નિય ઘરબારિ. ૨૨

વાસભવનિ તિહં પઈઠઉ, બઈઠઉ ગઉખ મઝારિ,
આઠ નારી આગલ રહી, સહીય સહિત સિણગારિ;
કેસર, કુમકુમ ઊગટિ, ઉલટિ કરિ સુવિસાલ,
સિરિ સંથઇ ઉદ્યોતીય, મોતીય તિલક ઝમાલ. ૨૩

નયણિ તુલીય જમણાજલ, કાજલ સામલ રેહ,
કરઇ કડકખ તરંગિહિં, રંગિહિં સુરહ સિણેહ;
અગર, કપુર, કસ્તૂરીય, પૂરીય રહ કપોલિ,
નયણ કમલિ સસિનિરમલ, રમલિ રચી તંબોલિ. ૨૪

કાનિહિં કંતિહિં મંડલ, કુંડલ લહલહકંતિ,
નવ સિણગાર સહોદર, નગોદર ઝલઝલકંતિ;
ઉયરિ કંચૂઉ તડક્કઇ, લહકઇ નવસર હાર,
કણયવન્ન કરિ ચૂડઉ, રૂડઉ, તસ ઝલકાર. ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહિરણિ ચીર પટુલીય, વઉંલીય મૂલ વિચારિ,
ચૂનડલી નવરંગીય, ચંગીય ઊઢણિ સાર;
ચરણિ પવર અંતેઉર, નેઉર રણઝણકાર,
અહિનવ અલતઉ નિરતઉ, ઘરતઉ રંગ અપાર. ૨૬

ઈણિ સણગારિ ન રાચઈ, સાચઈ રસિ અણુરત્ત,
નિસુણઉ નારીકથાનક, થાનક ચલઈ ન ચિત્ત;
મૃગનયણી પ્રતિબોધઈ, રોધઈ નિજ મનિ કામ,
ચરડરાઉ અહ અહિનવુ, પ્રભવુ પઈઉ તામ. ૨૭

પાંચસઇ સિઉં બૂઝઈ, સૂઝઈ થિર વયરાગી,
નીય માયપિય સિરસઉ, સરસઉ સંજમ માગિ;
કન્યા આઠઈ આપણિ, પણિ પ્રભવઉ પિય સાથિ,
પામીય ચરણ નિરુવમ, સોહમગણહર હાથિ. ૨૮

કલીય મહાબલ કેવલુ, કેવલ સિર્ અભિરામિ,
સિવમહિમા મહમહતઉ, પહૂતઉ જંબુસામિ;
જિણ જગમાહિ વિદીતઉ, જીતઉ રતિ ભરતાર,
સોઇ નયણ આણંદઉ, નંદઉ જંબુકુમાર. ૨૯

ફાગુ વસંતિ જિ ખેલઈ, ખેલઇ સુગુણ નિધાન,
વિજયવંત તે છાજઈ, રાજઈ તિલક સમાન;
ચઉદહ તીસ સંવચ્છરિ, સુચ્છરિ માનિ વિસત્તુ.
જંબુય ગુણ અનુરાગહિં ફાગિહિં કહીય ચરિત્તુ. ૩૦

શ્રીજંબુસ્વામીફાગઃ સમાપ્તઃ । પં૦ સાધુરત્નગણિના લિખિત : । પરીક્ષ૦ પદમા પઠનાર્થં । શુભં ભૂયાત્ ।

---


# જોઇએ છે

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના સંપાદનનું કામ સંભાળી શકે તેવા ગૂજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત અને અંગ્રેજી તેમ જ પ્રુફસંશોધનનું કામ જાણનાર અને કાર્યાલયના સંચાલનનું કામ સંભાળી શકે તેવા વ્યવસ્થાપકની જરૂર છે. કામ કરવાની ઇચ્છાવાળાએ નીચેના સરનામે વિગતવાર અરજી કરવી.

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
જેશિંગભાઇની વાડી, ઘીકાંટા, અમદાવાદ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुवाद की आवश्यकता

( लेखक—डा. बनारसीदासजी जैन, लाहौर )

पाश्चात्य विद्वानों ने जैनधर्म और साहित्य पर अनेक महत्त्वपूर्ण ग्रन्थ, लेख आदि लिखे हैं। इनमें से अधिकांश अंग्रेजी में हैं, शेष जर्मन, फ्रेंच आदि में। अब अंग्रेजी जाननेवालों की संख्या तो भारत में दिनोंदिन बढ रही है, परंतु जर्मन, फ्रेंच आदि जानने वालों की संख्या बहुत अल्प है। अतः यदि जर्मन फ्रेंच आदि के उपयोगी ग्रन्थों का अनुवाद हो जाय तो प्रवचन की बड़ी सेवा होगी। यहां पर एक ऐसे ही ग्रन्थ का उल्लेख किया जाता है। उस का नाम है—

Uebersicht ueber die Avasyaka—Literatur अर्थात् आवश्यक—साहित्य का निरीक्षण। इस के रचयिता हैं प्रो. अर्नेस्ट लौयमन (Ernst Leumann)। प्रोफेसर साहब ने बरसों के परिश्रम से इसे रचा था, परंतु इसका प्रकाशन उनकी मृत्यु के पश्चात् सन् १९३४ में हुआ।[१] इसके हैं तो कुल ५६+४+४ पृष्ठ, पर वे १७"×११" साइज के हैं। यह ग्रन्थ बड़े गहरे और लंबे अनुशीलन का फल है।[२]

ग्रन्थ की विषय सूची—

१. संपादक (प्रो. वाल्टर शूब्रिंग) का प्राक्कथन।
२. शुद्धिपत्र
३. शब्दसूची
४. भूमिका
५. हस्तलिखित जैन ग्रन्थों की सूची।
६. ग्रन्थरचना का इतिहास तथा न्यूनताएं।
७. आवश्यक और उसका मूल रूप।
८. आवश्यक संबन्धी परंपरागत विचार।
९. आवश्यक की व्याख्याएं।
१०. दिगम्बर संप्रदाय में आवश्यक निर्युक्ति का मूल रूप।
११. मूल निर्युक्ति।

---

१. प्रकाशक—Friederichsen, De Gruyter & Co. M. B. H., Hamburg, 1934.

२. प्रो. लौयमानने सन् १८९४ में आवश्यक—साहित्य पर एक लेख भी लिखा था, जो इंटर नैशनल औरियंटल कांग्रेस में पढा गया था। इसका उल्लेख "जैन साहित्य संशोधक" खण्ड २ पृ० ८१—९१ (जुलाई १९२१) में हुआ है। प्रो. हीरालाल रसिकदास कापडियाने जैन-ग्रन्थ सूची (Descriptive catalogue of Jaina Manuscripts) भाग ३ पृ• ३७१—८ पर इस ग्रन्थ का उल्लेख किया है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१२. श्वेताम्बर संप्रदाय की आवश्यक निर्युक्ति।
भद्रबाहु द्वारा निर्युक्ति—संकलन।
भद्रबाहु की निर्युक्ति का आधार और पूर्वगामी कृतियां।

१३. दो भद्रबाहु।[३]

१४. आवश्यक—निर्युक्ति की चार वाचनाएं।[४]

१५. जिनभद्र का विशेषावश्यक भाष्य।
जिनभद्र का सत्ता-काल और सत्ता—स्थान।

१६. विशेषावश्यक भाष्य का मूल रूप। उस पर शीलाङ्काचार्य और हेमचन्द्र की टीकाएं।

१७. आवश्यक—निर्युक्ति, मूल भाष्य और हेमचन्द्र की टीका का परस्पर समन्वय।

१८. आवश्यक—निर्युक्ति और विशेषावश्यक भाष्य का श्लोकवार समन्वय।

१९. विशेषावश्यक भाष्य में वैदिक और दार्शनिक उल्लेख। जैसे—गणधरवाद में उपनिषद् वाक्य।

२०. मनोविज्ञान और गणित संबन्धी उल्लेख।

२१. काल और आकाश (Time and Space) विषयक विचार।

२२. विशेषावश्यक भाष्य की पूर्ण विषयसूची।

२३. भाष्य पर जिनभद्र की स्वोपज्ञ टीका।

२४. जिनभद्र के अन्य ग्रन्थ।

विषय—सूचि से इस ग्रन्थ की महत्ता का अनुमान हो सकता है। जिन—प्रवचन के भक्त आचार्य, यति, संघ, और श्रावकों का ध्यान इसकी ओर आकर्षित किया जाता है कि वे इस अत्यन्त उपयोगी ग्रन्थ का अनुवाद कराके साहित्यिक चातकों की प्यास बुझावें और स्वयं अपने लिये पुण्योपार्जन करें। इसके अनुवाद से पता लगेगा कि पाश्चात्य विद्वानों ने जैन साहित्य का कैसी सूक्ष्म दृष्टि से अनुशीलन किया है। यदि इसके या अन्य ग्रन्थों के अनुवाद कराने में किसी प्रकार के परमर्श की जरूरत हो तो—मूलराज जैन, मन्त्री, जैन विद्या भवन, ६ नेहरु स्ट्रीट, कृष्णनगर, लाहौर को लिखें।

---

३. दो भद्रबाहु होने के विषय में देखिये श्री आत्मानंद जन्म शताब्दि स्मारक ग्रन्थ, भाग ४ गुजराती पृ. २०—२६।

४. प्रो. कापडिया की जैन-ग्रन्थ-सूची पृ० ३७३।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચ્છ અને ત્થ ની ભૂલવણીથી થયેલ એક કલ્પિત નિર્ણયની સમીક્ષા

**[ભ. મહાવીર સ્વામીએ વિવાહ કર્યો હતો; ભ. મલ્લિનાથ સ્ત્રીતીર્થંકર હતા.]**

લેખક–પૂજ્ય **મુનિ મહારાજ શ્રી દર્શનવિજયજી** (ત્રિપુટી)

## ઉપક્રમ

અજમેરમાં સ્થાકમાર્ગી સાધુઓનું સમ્મેલન મળ્યું, ત્યાર પછી એ સંપ્રદાયના સાધુઓમાં કોઈ અજબ ક્રાંતિઓ થયાના સમાચાર મળ્યા જ કરે છે. કોઈએ મુહપત્તિ છોડી છે તો કોઈએ 'પરિચય માટે છે' એવા ખુલાસા સાથે પોતાની છબીઓ પડાવી છે; કોઈએ જૈન સૂત્રો પર મનઘડંત ટીકાઓ કરાવી છે તો કોઈએ 'સમુત્થાન સૂત્ર' જેવા નવા ઉત્સૂત્રો જ ઊભાં કર્યાં છે, કોઈએ "રઘુપતિ રાઘવ રાજા રામ" ની ધૂન જમાવી જગતના રાહત કાર્યમાં ઝંપલાવ્યું છે તો કોઈએ અન્નક્ષેત્ર ખોલી મઠ જમાવ્યો છે; કોઈએ સ્થાનકમાર્ગી સંપ્રદાય પર કોરટે કેસ માંડયો છે, તો કોઈએ ગૃહસ્થાશ્રમને જ અપનાવ્યો છે.

ક્રાંતિ એ મોંઘામૂલી વસ્તુ છે, પરન્તુ એની પાછળ ધ્યેયનું પરાવર્તન, અહંભાવ, માન કે એવું કોઈ ઝેરીલું તત્ત્વ આવે છે ત્યારે તે ક્રાંતિકારને ઉન્નતિને બદલે અવનતિને માર્ગે ઘસડી જાય છે. જૈન સંઘનો છેલ્લા બે હજાર વર્ષનો ઇતિહાસ તપાસો, તો માલુમ પડશે કે–ક્રાન્તિની વાતો કરનારાઓ મોટે ભાગે સંઘને લાભને બદલે નુકસાની કરનારા નિવડયા છે, અને આપણે 'પાંચમા આરામાં એવું જ બનવાનું છે' એમ કહી તે બાબતમાં સંતોષ માની બેઠા છીએ.

સ્થાનકમાર્ગી સંપ્રદાયમાં 'કાઠિવાયડના કોહીનુર' તરીકે પંકાયેલા કાનજી સ્વામીએ પણ એ જ મન્થનકાળમાં એક ક્રાન્તિતત્ત્વને જન્મ આપ્યો છે. તેઓ તે સંપ્રદાયમાં વિદ્વાન ગણાય છે; બહુશ્રુત અને વિચારક મનાય છે. તેઓએ સ્થાનકમાર્ગી સંપ્રદાયનું નિશાન–મુહપત્તિ તોડી, જિનપ્રતિમાની શાસ્ત્રીયતા અને વાસ્તવિકતા સ્વીકારી સોનગઢ–કાઠિયાવાડમાં એક આશ્રમ સ્થાપ્યો છે. કાનજી સ્વામી અને વ. રામજીભાઈ તે આશ્રમના પ્રાણભૂત–મુખ્ય સંચાલકો છે. ગુજરાત અને કાઠિયાવાડ એ આશ્રમની સામે કુતૂહળભાવે મીટ માંડી રહ્યું છે. આ આશ્રમમાં સ્થાનકમાર્ગી, શ્વેતામ્બર અને દિગમ્બર એ ત્રણે ફિરકાઓને આકર્ષવા માટે યોગ્ય સાધનો રાખ્યાં છે. પરન્તુ આશ્રમનું આંતરિક ધ્યેય તો વિક્રમની સત્તરમી શતાબ્દીમાં પં. બનારસીદાસે ચલાવેલ દિગમ્બરી તેરાપંથી મત પ્રત્યે ઝુકાવ એ જ છે. કાનજી સ્વામી દિગમ્બર બ્રહ્મચારી બની દિગમ્બરી માન્યતા પ્રમાણે છઠ્ઠાને બદલે પાંચમે કે ચોથે ગુણઠાણે પોતે હોવાનું જાહેર કરવા તૈયાર નથી અને પોતે નગ્ન બની શકે તેમ પણ નથી. અને એમ ન થાય ત્યાં સુધી દિગમ્બર સંપ્રદાય પણ તેમને અપનાવવા તૈયાર નથી. આથી જ તેઓ જૈન જનતાને આ આશ્રમદ્વારા એક નવા રાહમાં દોરી જવા તૈયાર થયા છે. આ આશ્રમ શું છે? તેનું સંચાલન કેવું છે? તે સેવા કરે છે કે કુસેવા? ઇત્યાદિ વાતો માટે અમારે અહીં કંઈ કહેવાનું નથી. કિન્તુ તેના નિયામકો પોતાના વિચારોના ફેલાવા માટે જે ઉપાયો લ્યે છે તે કેવા પ્રકારના છે, માત્ર એટલું સ્પષ્ટ કરવા માટે જ આ લેખ લખેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વિચારોનો પ્રચાર : વિચિત્ર પરિપત્ર

ગત ચોમાસાની વાત છે. એક જૈન ગૃહસ્થ આ આશ્રમની મુલાકાતે ગયા અને થોડાએક દિવસ સ્થિરતા કરી ત્યાં રહ્યા. કાઠિયાવાડનો અતિથિસત્કાર આ આશ્રમમાં પૂર્ણ કળાએ ખીલેલો છે અને ધર્મના નામથી ભડકનારાઓને આ આશ્રમ એક રીતે આશીર્વાદ રૂપ છે એમ તેમને પહેલી નજરે જ જોવા જાણવા મળ્યું. સાથે સાથે જૈનોમાં ત્રણ ફિરકાઓ છે, હવે આ ચોથો ફિરકો નીકળે તે ઠીક નથી એમ પણ તેઓને લાગ્યા વિના રહ્યું નહીં. તેઓ ત્યાંથી જ્યારે નિકળ્યા ત્યારે આશ્રમના સંચાલકોએ તેમના હાથમાં એક પરિપત્ર મૂક્યો, જે અક્ષરશઃ આ પ્રમાણે છે.—

દિગમ્બર જૈન સિદ્ધાંત દર્પણ, પાનું ૨૩૨, અજીતકુમારનો લેખ—

**४. आवश्यक निर्युक्ति नामक श्वेतांबरीय ग्रंथमें ५ बालब्रह्मचारी तीर्थंकरोंके विषयमें लिखा है कि—**

वीरं अरिट्ठनेमिं, पासं मल्लिं च वासुपुज्जं च ।
एए मुत्तूण जिणे, अवसेसा आसि रायाणो ॥ २२१ ॥
रायकुलेसु वि जाया विसुद्धवंसेसु खत्तियकुलेसु ।
ण य इत्थिआभिसेया कुमारवासम्मि पव्वइया ॥

**इसके 'ण य इत्थिआभिसेआ' इस पदकी टिप्पणीमें लिखा है कि—**

"स्त्रीपाणिग्रहणराज्याभिषेकोभयरहिता इत्यर्थः"

**अर्थात्-महावीर अरिष्टनेमि पार्श्व मल्लि और वासुपूज्य ये पांच तीर्थंकर ऐसे हुए हैं कि न इनका स्त्रीपाणिग्रहण हुआ और न राज्याभिषेक। ये क्षत्रिय राजकुलोत्पन्न थे और कुमारावस्थामें ही प्रव्रजित हो गये थे।**

**—जैन साहित्य और इतिहास पृष्ठ ५७२**

**आवश्यक निर्युक्तिके इस उल्लेखसे यह बात सिद्ध होती है कि भगवान् मल्लिनाथ पुरुष थे तब ही उनका नाम पुरुषलिंग रूप 'मल्लि' लिखा है तथा उन्हें अन्य चार तीर्थंकरों के समान 'स्त्री-पाणिग्रहणरहित' यानी -स्त्रीके साथ विवाह न करनेवाला बतलाया है। यदि मल्लिनाथ स्त्री होते तो उन्हें 'पुरुषपाणिग्रहणरहित' लिखा होता।**

**तथा-दूसरी बात इससे यह सिद्ध हुई कि भगवान् महावीर भी ब्रह्मचारी थे जैसा कि दिगम्बर ग्रन्थों में बतलाया गया है।**

આ પત્રમાંના નીચેના મુદ્દાઓ વિચારણા માગે છે—

૧. આવશ્યકનિર્યુક્તિની ગાથાઓ.
૨. ટિપ્પણી (ફુટનોટ) નો પાઠ.
૩. કુમારનો અર્થ, શ્વેતામ્બર શાસ્ત્ર, દિગમ્બર શાસ્ત્ર અને શબ્દકોશનું પ્રમાણ.
૪. ભ. મહાવીર સ્વામી વગેરેનો વિવાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫. ભ. મલ્લિનાથ તીર્થંકરી હતાં.

૬. પરિપત્રદાતાની મનોભાવના.

ઉપર મુજબ મુદ્દાઓ વિચારણીય છે એટલે આપણે તેનો જ ક્રમશઃ વિચાર કરીએ.

## ૧ આવશ્યક નિર્યુક્તિની ગાથાઓ

પ્રથમ પહેલા મુદ્દાનો વિચાર કરવાનો છે, કેમકે ઉક્ત પરિપત્ર તેના આધારે જ ઘડાયો છે.

ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુ સ્વામીએ અર્થસંકલના માટે આવશ્યકસૂત્ર આદિ દશ આગમો ઉપર નિર્યુક્તિઓ રચી છે, જેમાં આવશ્યકનિર્યુક્તિનું પ્રમાણ બહુ મોટું છે. તેઓએ આવશ્યકનિર્યુક્તિમાં સામાયિકની પૂર્વે ભ. મહાવીર સ્વામીનું ચરિત્ર અને ૨૪ તીર્થંકરોના જીવનની ક્રમવાર મુખ્ય મુખ્ય નોંધો આપી છે. જેમાં પ્રસંગપ્રાપ્ત **रज्जाइच्चाओ वि पत्तेयं ( मलय० गा० २३५ )** નામના દ્વારને સ્પષ્ટ કરવા માટે ઉપરના પરિપત્રમાં દર્શાવેલ ગાથાઓ આપી છે, જે નીચે મુજબ છે—

वीरं अरिट्ठनेमिं, पासं मल्लिं च वासुपुज्जं च ।
एए मुत्तूण जिणे, अवसेसा आसि रायाणो ॥ २२१ ॥
रायकुलेसुऽवि जाया, विसुद्धवंसेसु खत्तिअकुलेसु ।
न य इच्छआभिसेआ, कुमारवासम्मि पव्वइया ॥ २२२ ॥
संती कुंथू अ अरो, अरिहंता चेव चक्कवट्टीअ ।
अवसेसा तित्थयरा, मंडलिया आसि रायाणो ॥ २२३ ॥

**અર્થ**—ભગવાન્ મહાવીર, નેમનાથ, પાર્શ્વનાથ, મલ્લિનાથ અને વાસુપૂજ્યને છોડીને બાકીના ૧૯ તીર્થંકરો રાજા હતા (૨૨૧). પાંચે તીર્થંકરો રાજકુળમાં પવિત્ર વંશમાં તેમ જ ક્ષત્રિય કુળમાં જન્મ્યા હતા, તેમ છતાં પણ રાજ્યાભિષેકને ઇચ્છયા વગર જ રાજ-કુમારપણે દીક્ષિત થયા (૨૨૨). શાન્તિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણ તીર્થંકરો ચક્રવર્તી હતા, અને શેષ ૧૬ તીર્થંકરો માંડલિક રાજાઓ હતા (૨૨૩).

આ મૂળ ગાથાઓ છે. ચૂર્ણીકારે તેની ઉપર કંઈ વિવરણ લખ્યું નથી. પરંતુ વૃત્તિકાર જૈનાચાર્યોએ તેની ઉપર કંઈ ને કંઈ પોતાનું વક્તવ્ય આપ્યું છે, જે તેઓના શબ્દોમાં નીચે મુજબ છે.—

### १ आ० हरिभद्रसूरिकृत वृत्ति—

एताः तिस्रोपि निगदसिद्धा एव, परित्यागद्वारानुपातिता तु राज्यं चोक्तलक्षणं विहाय प्रव्रजिता इत्येवं भावनीया ॥ २२१, २२२, २२३ ॥ गतं परित्यागद्वारं । (पृष्ठ १३६)

### २—आ० मलयगिरिकृत वृत्ति—

वीरं—महावीरमरिष्टनेमिं पार्श्वनाथं मल्लिं वासुपूज्यं च, एतान्—सर्वसंख्यया पंच जिनान्—तीर्थकृतो मुक्त्वा, अवशेषास्तीर्थकृतः—ऋषभस्वामिप्रभृतय आसन राजानः ॥ एते हि वीर प्रभृतयः पंच तीर्थकृतो राजकुलेष्वपि विशुद्धवंशेषु क्षत्रियकुलेषु, राजकुलं हि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कुलमपि भवति यथा नंदराजकुलं, अत उक्तं क्षात्रियकुलेषु जाता अपि, न इप्सिताऽभिषेका–अभिलषितराज्याभिषेकाः, किन्तु कुमारवास एव प्रव्रजिताः–प्रव्रज्यां प्रतिपेदिरे ॥ येपि च राजान–ऋषभस्वामिप्रभृतयस्तेष्वपि शान्तिः कुंथुः अर एत त्रयोऽर्हन्तश्चक्रवर्त्तिनोऽभवन्, अवशेषाः पुनस्तीर्थंकरा आसन् राजानो–माण्डलिकाः–स्वस्वमण्डलमात्राधिपतयः ॥ परित्यागद्वारानुपातिता तु गाथात्रयस्यैवं परिभावनीया "उक्तलक्षणं राज्यं परित्यज्य भगवन्तः प्रव्रजिता" इति ॥ २४३, २४४, २४५. ॥ गतं परित्यागद्वारं (पृष्ठ २०४)

## ३–आ० माणेकशेखरसूरिकृत दीपिका—

श्रीवीराद्या विशुद्धवंशेषु निर्दोषेषु राजकुलेष्वपि जाता न चेप्सितराज्याभिषेकाः, क्षत्रियवंशं विनापि राजकुलानि स्युरित्याह–क्षत्रियकुलेष्विति ॥ २२१, २२२ ॥ माण्डलिकाः देशाधिपाः ॥ २२३ ॥ त्यागद्वारं । २ ॥ (पृष्ठ–६३)

આ ટીકાઓનો સાર એ છે કે–ભગવાન્ મહાવીર સ્વામી, ભ. અરિષ્ટનેમિ, ભ. પાર્શ્વનાથ, ભ. મલ્લિનાથ અને ભ. વાસુપૂજ્ય સ્વામી એ પાંચ તીર્થંકરો સિવાયના ભ. ઋષભદેવ વગેરે ઓગણીશ તીર્થંકરો રાજાઓ હતા. ભગવાન્ મહાવીર સ્વામી વગેરે પાંચે તીર્થંકરો રાજકુળમાં જ જન્મ્યા હતા, અને તે પણ નંદરાજા વગેરેની જેમ અક્ષત્રિય કુળમાં નહીં કિન્તુ વિશુદ્ધ વંશમાં અને ક્ષત્રિય કુળમાં જ ઉત્પન્ન થયા હતા. એમ રાજકુળમાં ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થવા છતાંય (અર્થાત્ ધારે તો રાજા બની શકે એવા સંયોગો હોવા છતાં પણ) તેઓએ રાજ્યની સ્પૃહા રાખ્યા વગર જ દીક્ષા લીધી છે. ભગવાન્ ઋષભદેવ વગેરે ઓગણીશ તીર્થંકરો રાજા હતા. તેઓ પૈકીના ભ. શાન્તિનાથ, ભ. કુંથુનાથ અને ભ. અરનાથ એ ત્રણે તીર્થંકરો તો ચક્રવર્તી હતા, અને બાકીના સોળ તીર્થંકરો માંડલિકો એટલે જુદા જુદા દેશના અધિપતિઓ હતા.

અર્થાત્ પાંચ તીર્થંકરો કુમારપણું છોડી, ત્રણ તીર્થંકરો ચક્રવર્તીની ઋદ્ધિ છોડી અને સોળ તીર્થંકરો જુદા જુદા દેશનું રાજ્ય છોડી સાધુ બન્યા છે.

**रज्जाइच्चाओ** ના સ્પષ્ટીકરણ માટે આ ત્રણે ગાથાઓ છે. જેનો પરમાર્થ એ છે કે–તીર્થંકર ભગવંતોએ ઉપર દર્શાવ્યા મુજબ રાજ્યપાટ છોડીને દીક્ષા સ્વીકારી.

એ પ્રમાણે પરિત્યાગદ્વાર જાણવું.

વિવેકી વાચક સમજી શકે તેમ છે કે–આ ગાથાઓ અને તેના વિવરણમાં નથી કોઈના પાણિગ્રહણની વાત, કે નથી તે પરિપત્રમાં ઉપજાવી કાઢેલ અનુમાનને પોષણ આપનારું સીધું કે આડકતરું સૂચન. અસ્તુ.

## ૨ ટિપ્પણી( ફુટનોટ )નો પાઠ.

એ નિઃશંક બીના છે કે આવશ્યકનિર્યુક્તિની પ્રસ્તુત ગાથાઓ અને તેના વિવરણમાં તો તીર્થંકરોના વિવાહનો ઉલ્લેખ જ નથી. પરન્તુ તેની ટિપ્પણી આપણને પાણિગ્રહણની વાત તરફ દોરી જાય છે એટલે તે ટિપ્પણીનો પાઠ પણ કાળજીભરી વિચારણા માગી લ્યે છે. માટે હવે આપણે એ બીજા મુદ્દાને તપાસીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાચીન લિપીઓનો અભ્યાસી જાણે છે કે પ્રાચીન જૈન લિપીમાં **च्छ** અને **त्थ** વચ્ચે માત્ર એક નાનકડો લીંટીનો જ ફરક છે. એ ફરક ધ્યાનમાં ન રહે તો **च्छ** ને બદલે **त्थ** અને **त्थ** ને બદલે **च्छ** બની જાય છે. લહિયાની ભૂલથી કે વાચકની અજ્ઞાનતાથી આ **च्छ** અને **त्थ** માં ઘણી ગડબડ થાય છે. સારામાં સારો વિદ્વાન પણ આ ભૂલભૂલામણીમાં ગુંચવાઈ જાય છે. ઉક્ત ટિપ્પણીપાઠમાં પણ કાંઈ એવું જ બનેલ છે.

શ્રી આગમોદય સમિતિએ પહેલ પહેલાં પાંત્રિશેક વર્ષ પૂર્વે આ. શ્રી હરિભદ્રસૂરિની ટીકાવાળું આવશ્યક નિર્યુક્તિનું પ્રકાશન કર્યું છે તેમાં ૨૨૨ મી ગાથાનું ત્રીજું ચરણ–**न य इत्थिआभिसेया** એમ છપાયેલ છે અને તેની નીચે સંશોધકે–**स्त्रीपाणिग्रहण–राज्याभिषेकोभयरहिता इत्यर्थः** એવી ટિપ્પણી આપી છે.

ત્યારપછી એ જ સમિતિએ બીજી પણ ત્રણ સટીક–નિર્યુક્તિઓ પ્રકાશિત કરી છે. જેમાં તે ગાથાનું ચરણ–**न य इच्छियाभिसेआ** એમ છપાયેલ છે અને તેની નીચે કોઈ ટિપ્પણી નથી.

સ્પષ્ટ વાત છે કે—લેખનદોષવાળી પ્રતિઓ પર વિશ્વાસ રાખવાથી, વાચકની ભૂલથી કે સંશોધકના પ્રમાદથી પ્રથમ પ્રકાશનમાં **इत्थिआ** શબ્દ દાખલ થયો છે અને તેના જ સમર્થન માટે સંશોધકને ઉક્ત ટિપ્પણી લખવી પડી છે. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ સરળ હોવાના કારણે તે ગાથાઓનું કંઈ વિવરણ જ કર્યું નથી એટલે આવી ભૂલ થાય તે સહજ વાત છે. પરન્તુ પછીના પ્રકાશનોમાં વૃત્તિઓ દ્વારા પ્રકાશ પડવાથી એ ભૂલનો સુધારો થયો છે, અને સંશોધકે પણ પછી દરેક સ્થાને **इच्छिय** શબ્દ જ કાયમ રાખ્યો છે.

પ્રાસંગિક વસ્તુવર્ણન અને ટીકાકારોના કથન પ્રમાણે ત્યાં **इच्छिय** શબ્દ જ બરાબર છે. અને વ્યાકરણની રીત તપાસીએ તો પણ ત્યાં **इच्छिय०** શબ્દપ્રયોગ જ સાચો છે કેમકે—**न य इत्थिआभिसेआ - न च स्त्रीकाभिषेका** એમ ચરણ રાખીએ તો તેમાં **न** અને **इत्थिआ** ની વચ્ચે **च** પડ્યો છે એટલે **नञ्** સમાસ થતો નથી, અશુદ્ધ પ્રયોગ બને છે અને સાચો અર્થ પણ નીકળતો નથી. વળી **क** પણ નકામો હોવાનું માનવું પડે છે. એમ વ્યાકરણની રીતિએ પણ **इत्थिआ** અનેક રીતે ભૂલભરેલો સાબીત થાય છે. એ પણ નક્કર વાત છે કે–પૂર્વધરની રચના આવી આવી ખામીવાળી ન જ હોય.

**इच्छिय** શબ્દ જ પૂર્વોક્ત દરેક ભૂલોને સુધારી લ્યે છે અને ત્યાં પ્રસંગ પ્રાપ્ત વસ્તુનું વિશદ વર્ણન કરનારી એક શુદ્ધ ગાથા બની જાય છે.

સારાંશ એ છે કે–**इत्थिआ०** એ પાઠ ખોટો છે તેના ઉપરની એ ટિપ્પણી પણ નકામી છે અને તેના આધારે ઉક્ત પરિપત્રમાં દર્શાવેલ અનુમાન પણ સર્વથા ભૂલભરેલું છે.

( અપૂર્ણ )

# राजगच्छ पट्टावली

लेखक–**श्रीयुत भंवरलालजी नाहटा**

जैनधर्म के इतिहास को जानने के लिये , पट्टावलियां महत्त्वपूर्ण साधन है । यह साहित्य विविध प्रकार की सामग्री से ओतप्रोत है । भिन्न २ गच्छों का इतिहास उन सब को एकत्र कर प्रकाशित करने से सुगमता से संकलित किया जा सकता है । पुरातत्त्वाचार्य

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री जिनविजयजी और मुनि दर्शनविजयजीने इस प्रकार का प्रशंसनीय प्रयत्न किया है। सिंघी जैन ग्रंथमाला से और भी दो ग्रंथ निकट भविष्य में प्रकाशित होने वाले हैं जिनसे विविध गच्छों के इतिहास में नवीन प्रकाश पडेगा। मुनि विनयसागरजी के पास राज-गच्छ पट्टावली की एक प्रति है जिसके अधिकाश भाग में औपदेशिक प्रासंगिक और भिन्न २ गच्छ के प्रभावक आचार्यों के गुणानुवाद और अंत में इस गच्छ के आचार्यों का वृत्तान्त दिया है। यहां केवल राजगच्छ के आचार्यों का परिचय दिया जाता है।

**नन्नसूरि**—आप पहले तलवाड़ देश के राजा थे। एक वार शिकार में मारी हुई सगर्भा हरिणी के बालक को तड़पते हुए देखकर वैराग्य प्राप्त हुआ और आरण्यक साधु के पास दीक्षित हो गए। उनके अन्वय में अजितयशोवादिसूरि आदि सात आचार्य वादियों को जीतनेवाले एवं न्याय व्याकरण ग्रन्थों के रचयिता हुए। इनसे राजगच्छ प्रसिद्ध हुआ।

**धनेश्वरसूरि**—आप छत्तीस लक्ष कान्यकुब्ज देश के स्वामी कर्दमराज के पुत्र धनेश्वरकुमार थे। एक वार शिकार में आठ पैरों वाले सरभ (अष्टापद ?) को देख कर वृक्ष पर स्थित हो कुमार ने भाले से प्रहार किया। सरभने क्रुद्ध हो कर स्वनिरोधमिश्रित मट्टी शुण्डादण्ड से कुमार के ऊपर उछाली जिससे कुमार के शरीर में फोड़े ही फोड़े हो गए। अनुचरों के साथ घर आने पर नाना प्रकार के उपचार किये गए परन्तु शान्ति न होने से राजर्षि अभयदेवसूरि के चरण प्रक्षालित जल छिडका गया। राजकुमार एकदम स्वस्थ होने के साथ ही वैराग्यवासित हो गया और उन्हीं गुरुदेव के पास संयमधर्म स्वीकार कल लिया। ये राजकुमार धनेश्वरसूरि हुए। एक वार चैत्र नामक स्थान में सर्प के डसे हुए ब्राह्मणकुमार को जीवित करके १८००० ब्राह्मण कुटुंबों को प्रतिबोधित किया। महावीर प्रभु के मन्दिर का निर्माण हुआ। इन्होंने १८ आचार्य बनाए जिनकी १८ शाखाएं हुई।

**शीलभद्रसूरि**—आप राज गच्छ के शृंगार थे। १२ वर्ष की उमर से आजीवन छः विगयों का त्याग किया। ये अक्षीण लब्धिधारी प्रभावक थे।

**धर्मघोषसूरि**—आप शीलभद्रसूरि के शिष्य थे, सं. ११७६ में आचार्य पदारूढ हुए। अम्बिका देवी की सहायता से ४ राजाओं को प्रतिबोध दिया। और दो वार वादि गुणचन्द्र को शास्त्रार्थ में परास्त किया।

इन सूरि महाराज ने अल्हण नरेश की सभा में सांख्य ग्रंथ की व्याख्या की; महाराजा आनल के यहां वादि के गर्व को चूर किया; जैनों की अवज्ञा करने में आसक्त विग्रहराज को जैनधर्म में सुदृढ किया। इनके उपदेश से शाकंभरीश्वर वीसलदेवने अजमेर में श्री शान्तिनाथ प्रभु का जिनालय बनवा कर प्रतिष्ठामहोत्सव किया। राजमाता सूहव-देवीने सूहवपुर में पार्श्वनाथ भगवान का मन्दिर बनवाया। इन्होंने श्री फलवर्द्धि पार्श्वनाथ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आदि १०५ मन्दिरों की प्रतिष्ठा की थी और ब्राह्मण क्षत्रिय व माहेश्वरी वैश्यों को प्रतिबोध दे कर ओसवालों में १०५ गोत्र स्थापित किए। इसी प्रकार श्रीमालों में ३५ गोत्र किये। इन धर्मघोषसूरि से राजगच्छ की धर्मघोष शाखा प्रसिद्ध हुई।

**सागरचन्द्रसूरि**—इनके उपदेश से राजा कल्हण जैन धर्मानुरागी हुए। आप के पट्टधर श्री मलयचंद्रसूरि विद्या, कला, चमत्कार के लिये प्रख्यात थे।

चित्रवाल शाखा में भद्रेश्वरसूरि ने गिरनार तीर्थ के मुख्य प्रासाद की प्रतिष्ठा की। दण्डनायक सज्जन को उपदिष्ट कर मन्दिरों का जीर्णोद्धार करवाया। वीर गणि से चैत्र गच्छ की कम्बोइया शाखा हुई। इन वीर गणिने तप व वालीनाह क्षेत्रपाल के सानिध्य से अष्टापद तीर्थ की यात्रा की। अतः इनकी परम्परा अष्टापदशाखा नाम से प्रसिद्ध हुई।

पट्टावली श्लोकों एवं अंतिम सूची के अनुसार परम्पराक्रम इस प्रकार है:—

१ नन्नसूरि, २ अजितयशोवादि, ३ सर्व्वदेवसूरि, ४ प्रद्युम्नसूरि, ५ अभयदेवसूरि, ६ चत्रगच्छ धनेश्वरसूरि, ७ अजितसिंहसूरि, ८ वर्द्धमानसूरि, ९ शीलभद्रसूरि.

१ धर्मसूरि, २ रत्नसिंहसूरि, ३ देवेन्द्रसूरि, ४ रत्नप्रभसूरि, ५ आणंदसूरि, ६ अमरप्रभसूरि, ७ ज्ञानचन्द्रसूरि, ८ मुनिशेखरसूरि, ९ सागरचन्द्रसूरि, १० मलयचन्द्रसूरि, ११ पद्मशेखरसूरि, १२ पद्मानंदसूरि, १३ नन्दिवर्द्धनसूरि, १४ नयचन्द्रसूरि.

प्रस्तुत पट्टावली की प्रति १७ वीं शती की लिखी हुई है। अतः इसके बाद के आचार्यों के नाम अन्य साधनों से संग्रह किये जा सकते हैं पर अभी हमारे पास वे साधन न होने से ऐसा कर सकना अशक्य है।

धर्मघोषसूरि के गुणानुवाद में कई अन्य स्तुति आदि भी प्राप्त होते हैं। वास्तव में ये प्रभावक आचार्य थे। इनकी परम्परा काफी विस्तृत हुई थी। कई वर्ष पूर्व हमने नागौर के गुरांसा (महात्मा) के पास और श्रीहरिसागरसूरिजी के पास इस गच्छ के आचार्यों की विस्तृत नामावली देखी थी। इसकी प्रतिलिपी हमारे संग्रह में भी है।

नागपुरी लुंका गच्छ की पट्टावली से ज्ञात होता है कि उन्होंने अपना प्राचीन संबन्ध इसी धर्मघोष गच्छ से मिलाया है। ऐतहासिक दृष्टि से यह कहां तक ठीक है विचार किया जाना आवश्यक है। उक्त पट्टावली के अनुसार ओसवाल जाति के सुराणा गोत्र के प्रतिबोधक आप ही थे।

साधनाभाव से हम इस गच्छ के आचार्यों का विस्तृत वर्णन, उनके रचित ग्रन्थ, प्रतिष्ठित प्रतिमालेखों के सम्बन्ध में प्रकाश डालने की इच्छा रहते हुए भी ऐसा न कर सके। अन्य विद्वानों से अनुरोध है कि वे इस गच्छ के सम्बन्ध में अधिकाधिक ज्ञातव्य प्रकाशित करें।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરાધક ભાવના

## લેખક—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

અવિચ્છિન્ન પ્રભાવશાલિ, ત્રિકાલાબાધિત, પરમારાધ્ય શ્રી જૈનેન્દ્રશાસન અને તેની યથાર્થ આરાધનાને અનુકૂલ સાધન સામગ્રી આસન્નસિદ્ધિક ભવ્ય જીવોને જ મળી શકે છે. પ્રબલ પુણ્યોદયે તે બંને મળ્યા છતાં પ્રમાદી આત્માઓ વિષય કષાયાદિ ભાવ શત્રુઓના પંજામાં સપડાઇને તેનો યથાર્થ લાભ લઇ શકતા નથી. આ કારણથી પોતાનાં મન, વચન કાયાના અનિયમિત વ્યાપારને જરૂર નિયમિત કરવો જોઈએ, વચન અને કાયાના વ્યાપારમાં નિશ્ચયે મનોવ્યાપારની મુખ્યતા છે એટલે વાચિક અને કાયિક પ્રવૃત્તિ સ્વતંત્રપણે થતી નથી, પણ મનોભાવનાને અનુસારે જ થાય છે. માટે જ કહ્યું છે. **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** એટલે અશુભ વિચારથી કર્મ બંધાય, ને શુભ વિચારથી મોક્ષનાં સુખ મળે. આ મુખ્ય વસ્તુને યથાર્થ સમજવા માટે પ્રાચીન મહર્ષિ ભગવંતોએ તંદુલિયા મત્સ્ય, પ્રસન્નચંદ્ર રાજર્ષિ વગેરેનાં દૃષ્ટાંતો જણાવ્યાં છે. તેમાં તંદુલિયા મત્સ્યની બીના તથા પ્રસન્નચંદ્ર રાજર્ષિની બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી. સમુદ્રમાં રહેલા મોટાં માછલાંની આંખની પાંપણમાં એક મત્સ્ય ઉત્પન્ન થાય છે. તેનું પ્રમાણ (ચોખાના દાણા) જેવડું હોય છે, તેથી તે તંદુલિયો મત્સ્ય કહેવાય છે. જ્યારે મોટા માછલાનું મોઢું ખુલ્લું હોય, ત્યારે તેમાં બીજાં નાનાં માછલાંઓ પેસે છે ને નીકળે છે. આ બનાવ જોઇને તંદુલિયો મત્સ્ય વિચારે છે કે—આ મોટું માછલું આટલા બધાં નાનાં માછલાંને કેમ ખાઈ જતો નથી, તેને એમ ને એમ શા માટે નીકળવા દે છે? એવડું મોટું શરીર જો મારું હોય ને મારા મોઢામાં આ બધાં નાનાં માછલાં આવે તો હું બધાંને જરૂર ખાઈ જાઉં; એકને પણ જીવતો ન રહેવા દઉં. આ ખરાબ ભાવનાથી, તે તંદુલિયો મત્સ્ય વચનથી અને કાયાથી હિંસા નથી કરતો, છતાં પણ અંતમુહૂર્તમાં મરણ પામી સાતમી નરકમાં જાય છે, એ અશુભ ભાવનાનું પરિણામ જાણવું. તથા કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિ, જ્યારે યુદ્ધ કરવાની અશુભ ભાવનાવાળા હતા, ત્યારે પ્રભુ શ્રી મહાવીર દેવે રાજા શ્રેણિકને જણાવ્યું કે હે રાજન્! તે રાજર્ષિ હાલ જો કાળધર્મ પામે તો સાતમી નરકે જાય તે પછી થોડા જ વખતે તે રાજર્ષિ—મસ્તક ઉપર હાથ મૂકતાં પોતાની ભૂલ સુધારી શુભ ભાવના ભાવવા લાગ્યા. અનુક્રમે ઘાતિ કર્મનો નાશ થવાથી તેમને કેવલજ્ઞાન પ્રકટ થયું. ત્યારે પ્રભુ શ્રી મહાવીરદેવે રાજા શ્રેણિકને જણાવ્યું કે—તે જ રાજર્ષિને હાલ કેવલજ્ઞાન પ્રકટ થયું, તે નિમિત્તે આકાશમાં વાજિંત્ર વાગે છે. અશુભ અને શુભ ભાવનાનું પરિણામ સમજવા માટે આ દૃષ્ટાંત જાણવું. નિમિત્તવાસિ આત્મા—જેવા જેવા નિમિત્તને પામે, તે પ્રમાણે તેની ભાવનામાં ફેરફાર થાય છે.

આ મુદ્દાથી ઉત્તમ ભાવને ટકાવનારાં આલંબનોની જરૂર સેવના કરવી જોઈએ. અજ્ઞાન દશાથી ઘેરાયેલો આત્મા અજ્ઞાનને દૂર કરી શુભ આલંબન સેવી નિર્મલ ભાવનાના યોગે દુષ્કર્મનો નાશ કરી માનવ જિંદગીના મુખ્ય સાધ્યને પરમ ઉલ્લાસથી સાધી શકે, આ જ ઈરાદાથી પૂર્વધર ભગવંતોએ શ્રી પંચસૂત્ર, ચઉશરણ, આઉર પચ્ચક્ખાણાદિની રચના કરી છે. દરરોજ આપણો આત્મા શુભ ભાવનામય બની, સ્વકર્ત્તવ્ય પરાયણ રહે, આ જ ઇરાદાથી તે ગ્રંથોમાંથી ઉદ્ધરીને આરાધક ભાવના જણાવું છું. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧-હે જીવ! દશ દષ્ટાંતે દુર્લભ મનુષ્યભવ પામીને, રાગદ્વેષનાં કારણો તજીને આત્મ-દૃષ્ટિને સતેજ કરનારાં સાધનો સેવજે. વિષય કષાય માનવ જીવનને બરબાદ કરનારા છે, તેથી તેનો વિશ્વાસ કરતો નહિ. વૈરાગ્ય-સમતાભાવને પોષનારાં કારણોની સેવના તરફ વધુ લક્ષ્ય રાખજે!

૨-પરમ ઉલ્લાસથી જિનધર્મની આરાધના કરવામાં જે રાતદિન ગયાં, તે જ સફલ ગણવાં. સ્ત્રી, કુટુંબ, દોલત વગેરેમાંનું એક પણ પરભવ જતાં જીવની સાથે આવતું નથી. હું એકલો જ આવ્યો છું, ને એકલો જ જવાનો છું.

૩-કરોડો રત્નોની કિંમત કરતાં પણ માનવ જીવનના એક ક્ષણની કિંમત વધારે માનજે. કારણ કે આપણે કોઈને કહીએ કે, તું મને મારો ગયેલો સમય પાછો લાવી આપે, તો હું તેના બદલામાં તને કરોડો કીમતી રત્નો આપું, તો સામો માણસ શું ગયેલો સમય પાછો લાવી આપશે? અર્થાત્ કોઈની પણ તાકાત નથી કે ગયેલો સમય પાછો લાવી આપે. માટે જ પ્રભુ શ્રી મહાવીરદેવ ફરમાવ્યું કે-જો એક વાર માનવજિંદગી પ્રમાદી થઈને હારી ગયા, તો ફરીથી મળવી સહેલ નથી. કારણ કે કર્મોની ગતિ વિચિત્ર છે. માટે ક્ષણ વાર પણ પ્રમાદ કરશો નહિ.

૪-ઈંદ્રપણું, ચક્રવર્ત્તિપણું વગેરે પદાર્થો મળવા સહેલ છે, પણ અવિચ્છિન્ન પ્રભાવ-શાલિ શ્રી જિનેશ્વરદેવે ભાખેલ ધર્મ મળવો મહાદુર્લભ છે. કદાચ દાસપણામાં પણ શ્રી જિનધર્મ મળતો હોય, તો તે દાસપણાને હું વધાવી લઉં, પણ શ્રી જિનધર્મની આરાધના વિનાનું ચક્રિપણું વગેરે સારી સ્થિતિ મળતી હોય તો તેને હું સ્વપ્ને પણ ચાહું નહિ.

૫-દોષદૃષ્ટિનો ત્યાગ કરું છું ને ગુણદૃષ્ટિને સ્વીકારું છું.

૬-સુખના સમયમાં પુણ્યાઈ ખાલી થતી જાય છે, એમ સમજીને હે જીવ, સેવાના અવસરે અભિમાની થઈશ નહિ, પણ ચેતતો રહેજે, ને મળેલ પદાર્થનો સદુપયોગ કરજે. તેમજ દુઃખના સમયમાં ગભરાવું નહિ. કારણ કે-પાપનો કચરો ખાલી થતો જાય છે, તેથી તે વખતે આનંદ માનજે ને સમતાભાવે દુઃખ સહન કરજે. કાયમ દુઃખ ને કાયમ સાંસારિક સુખ રહેતું નથી. એ તો સમુદ્રનાં મોજાં જેવાં જાણજે.

૭-શ્રી ગુરુ મહારાજ એ વૈદ્ય, શ્રી અરિહંત પ્રભુના સ્વરૂપની યથાર્થ વિચારણા એ ઔષધ અને તમામ જીવોને પોતાની જેવા ગણીને તે સર્વની ઉપર દયાભાવ રાખવો; એ પથ્યભોજન, આ ત્રણ સાધનોની નિર્નિદાન વિધિપૂર્વક યથાર્થ સેવના કરવાથી ભાવરોગનો નાશ કરી શકાય છે. તેથી હે પ્રભો! હું જ્યાંસુધી મુક્તિપદ ન પામું, આ ભવથી માંડીને ત્યાં સુધીના વચલા ભવોમાં એ ત્રણ સાધનોની સેવના મને ભવોભવ મળજો. કર્મની પીડા એ ભાવરોગ કહેવાય.

૮-હે પ્રભો! મેં આપના શાસનની સેવના કરીને જે પુણ્યાનુબંધિ પુણ્ય-કર્મ નિર્જરાદિ સ્વરૂપ લાભ મેળવ્યો હોય તેના ફલ સ્વરૂપે બંને હાથ જોડી મસ્તકે લગાડી હું એ જ માગું છું કે-આપના પસાયથી શ્રી જિનશાસનની સેવા કરવાનો શુભ અવસર ભવોભવ મળજો.

૯-૧ જૈન શાસ્ત્રનો અભ્યાસ, ૨ જિનેશ્વરદેવની ભક્તિ, ૩ આર્ય પુરુષોની સોબત, ૪ સદાચારી મહાપુરુષોના ગુણગાન, ૫ કોઈની પણ નિંદા કરવી કે સાંભળવી નહિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ હિત–મિત–પ્રિય વેણુ બોલવાં, ૭ આત્મતત્ત્વની વિચારણા કરવી—આ સાત વાનાં હે પ્રભો ! તમારા પસાયથી મને ભવોભવ મળજો !

૧૦–આત્મતત્ત્વની વિચારણા સંક્ષેપે આ રીતે કરવી. હું એકલો જ છું ને મારું અહીં કોઈ નથી, તેમ જ હું પણ કોઈનો નથી. હું લક્ષાધિપતિ શેઠિયો છું, હું આ મિલ્કતનો માલિક છું, આ સ્ત્રી ધન પુત્ર વગેરે મારાં છે, વગેરે પ્રકારની માન્યતા તદ્દન ખોટી છે; એ કેવલ મોહનો જ ઉછાળો છે. આવા મોહના જ પ્રતાપે મારા જીવે અનંતીવાર નરકાદિની વિડંબના ભોગવી છે. માટે હું હવે તેનો વિશ્વાસ નહિ કરું. સ્ત્રી વગેરે પદાર્થો મારા નથી અને હું તેમનો નથી. આવી ભાવનાના શુભ સંસ્કારથી નિર્મોહ દશા પામી શકાય છે. શુદ્ધ શાશ્વત આત્મદ્રવ્ય સ્વરૂપ હું છું, હું જ્ઞાનાદિ ગુણવાળો છું, જ્ઞાનાદિ ગુણો એ જ મારી વસ્તુ છે, બાકીની વસ્તુ પર છે એટલે મારી નથી. જે મારું છે, તે મારી પાસે જ છે, હવે હું પુદ્ગલરમણતા ઘટાડીને નિજગુણરમણતા ગુણને વધારીશ. જૈનેન્દ્રાગમમાં આત્માના ત્રણ ભેદો જણાવ્યા છે: ૧ બાહ્યાત્મા, ૨ અંતરાત્મા, ૩ પરમાત્મા. જ્યાં સુધી મારો આત્મા બાહ્ય દૃષ્ટિ છે, એટલે મારા જ્ઞાનાદિ ગુણોથી ભિન્ન એવા સ્ત્રી, ધન, શરીરાદિના મોહને લઈને અનેક પ્રકારના આરંભ સમારંભાદિ કરે, અસત્ય બોલે, માયા પ્રપંચ કરે, પંચેન્દ્રિયાદિજીવોનો વધ કરે, સંહારાદિ અનુચિત પ્રકારે જીવનનિર્વાહ કરે–કરાવે, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહાદિ કર્મબંધનાં કારણો આનંદથી સેવે, વિષય કષાયને સેવે, ત્યાંસુધી તે બહિરાત્મા કહેવાય. સત્સંગ, જિનવચન શ્રવણ, મૈત્રી વગેરે ચાર અને અનિત્ય ભાવનાદિ બાર ભાવના, સુપાત્રદાનાદિ, શીલ તપશ્ચર્યા વગેરે સાધનો સેવવાથી બહિરાત્મદશા દૂર કરી શકાય, ને અંતરાત્મદશા પામી શકાય. જેઓ મન, વચન, કાયાથી નિર્દોષ પ્રવૃત્તિ કરે, એટલે આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી મનથી સદ્વિચાર કરે, કોઈનું પણ અનિષ્ટ ચિંતવે નહિ અને વિચારે કે–તમામ જગતના જીવોનું કલ્યાણ થાવ, સર્વે જીવો પરહિત કરનારા થાઓ, તમામ દોષ નાશ પામે, સર્વે સુખી થાવ, બધાનું કલ્યાણ થાવ, સર્વે જૈનેન્દ્ર શાસનની આરાધના કરીને મુક્તિના અવ્યાબાધ સુખ પામે, તમામ જીવો ભવોભવ જિનેન્દ્ર શાસન પામે, મારે કોઈની સાથે વેરઝેર છે જ નહિ, ને હવે હું તેવા કારણોને સેવીશ નહિ–આવી શુભ ભાવનાથી હિત, મિત, પ્રિય, બોલનારા, સર્વસંયમ દેશસંયમાદિની પરમ ઉલ્લાસથી સાત્ત્વિકી આરાધના કરનારા જીવો–અંતરાત્મા કહેવાય, અને ઘાતિ કર્મનો નાશ કરી અરિહંતપણાને પામેલા સયોગિ અયોગિ કેવલી વગેરે પરમાત્મા કહેવાય–ઇત્યાદિ આ રીતે આત્મતત્ત્વની વિચારણા કરતાં શ્રી ભરત ચક્રવર્તી, કુર્માપુત્ર, જંબુસ્વામી વગેરે ઘણાં ભવ્ય જીવો સિદ્ધિપદને પામ્યા, પામે છે, અને ભવિષ્યમાં પામશે પણ ખરા.

૧૧–હે જીવ, વિચારી લે કે–તેં આજ સુધીમાં પરભવને લાયક જરૂરી ભાતું કેટલું તૈયાર કર્યું ? ને કેટલું કરવાનું બાકી છે. કારણ કે, તે કામ અહીં જ થઈ શકશે.

૧૨–હે જીવ, તું હાલ વિભાવદશામાં વર્તે છે કે સ્વભાવદશામાં વર્તે છે ? જો તું વિભાવ દશામાં વર્તતો હોય તો જરૂર ત્યાંથી ખસીને જલદી સ્વભાવ દશામાં આવી જા. સ્વચિંતા તજીને પરચિંતા કરવામાં આત્મહિત છે જ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩-જે પદાર્થો જન્મતાં સાથે આવ્યા નથી, પરભવમાં જતાં પણ સાથે આવશે નહિ, ને આત્મહિત બગાડનારા છે, તેવા, સ્ત્રી, ધન, શરીરાદિની જે મોહગર્ભિત વિચારણા વિભાવદશાની વિચારણા કહેવાય અને પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોની જે વિચારણા તે સ્વભાવદશાની વિચારણા કહેવાય.

૧૪-હે જીવ ! તેં પરમોપકારિ શ્રી આચાર્ય ભગવંત વગેરે મહાપુરુષોના સમાગમથી તથા તેમનો પરભવમાં પણ પરમ કલ્યાણ કરનાર ઉપદેશ સાંભળી મનન કરી અત્યાર સુધીમાં શક્તિ પ્રમાણે દાનાદિ ધર્મ સાધ્યો, ઉપધાન, દેશ વિરતિ, વગેરેની જે સાધના કરી તેની તું અનુમોદના કરજે, અને પ્રતિદિન તેની નિર્મલ આરાધના વધારે પ્રમાણમાં થાય, તે તરફ જરૂર લક્ષ્ય રાખજે, ને એમ માનજે કે-હજુ પણ તારે (સર્વ વિરતિની આરાધના વગેરે) અમુક કાર્યો કરવાનાં બાકી છે. જો પ્રબલ પુણ્યોદયે તેવો અવસર મળે ને તેવી આરાધના થાય, તો જ માનવ જિંદગીની ખરી સાર્થકતા કહી શકાય. જ્યાંસુધી હું તેવાં કર્યો કરવાને લાયક ન બનું, ત્યાંસુધી મારે માનવું જોઇએ કે-હજુ તેવા પ્રકારનો વિશિષ્ટ કર્મનો-ક્ષયોપશમ અને પુણ્યોદય થયો નથી. હું જે દિવસે જે ઘડીએ તેવાં કાર્યો કરવા ભાગ્યશાલી થઈશ, તે જ દિવસ અને તે જ-ઘડી હું સફલ માનીશ.

૧૫-હાલ જો તું શ્રાવકપણાની આરાધના કરતો હોય તો સંયમધારી મહાપુરુષોને જોઈને મનમાં એમ વિચારજે કે; હે જીવ ! તું આવી સમતામૃતથી ભરેલી મુનિતાને ક્યારે પામીશ? યાદ રાખજે કે; નિર્દોષ સંયમ જીવનના પ્રતાપે જ સાચી શાંતિ અને સાચું સુખ મળે છે.

૧૬-જે જન્મ્યો તે મરવાનો જરૂર, પણ જેઓ વ્રતાદિની સાધના કરે છે, સાધુ, સાધ્વી આદિ સાત ક્ષેત્રોને પોષે છે, જૈન સિદ્ધાંતાદિ ભણે ને સાંભળે, ભણાવે, સંભળાવે, ભણતા, ભણાવતા, સાંભળતા, સંભળાવતા ભવ્ય જીવોને સહાય કરે, વિષય કષાયના પ્રસંગથી તદ્દન અલગ રહે, અનિત્યતાદિ સોળ ભાવના ભાવે, ખમતખામણાં કરે કરાવે, પરમ ઉલ્લાસથી જૈનેન્દ્રાગમો લખાવી ગુરુ મહારાજને વહોરાવે, વગેરે પ્રકારે સાત્ત્વિકભાવે શ્રી જિનધર્મની આરાધના કરનારા ભવ્ય જીવો અંત સમયે સમાધિપૂર્વક હસતાં હસતાં મરણ પામે છે; તેમને મરણનો ભય હોતો જ નથી. કારણ કે તેઓ અહીં જે સ્થિતિમાં છે, તેથી સારામાં સારી સ્થિતિને પરભવમાં પામે છે. આત્મા મરે જ નહિ. દેહાદિથી આત્મા છૂટો પડે, એ જ મરણ કહેવાય છે.

૧૭-હે જીવ ! ક્ષણ વારમાં શું બનાવ બનશે તેની તને ખબર નથી તેમ જ તારા જેવાંને ઢાંક્યા કર્મની પણ ખબર પડતી નથી, માટે હમેશાં ચેતતો રહેજે ને ભવિષ્યમાં મોડા કરવા ધારેલાં કાર્યો જલદી કરી લેજે.

૧૮-મારા દેવ અરિહંત છે, કંચન કામિનીના ત્યાગી વિશિષ્ટ મહાવ્રતાદિ સદ્‌ગુણોના ધારક શ્રી આચાર્ય ભગવંત વગેરે ગુરુ છે અને શ્રી જિનેશ્વરદેવે કહેલ ત્રિપુટીશુદ્ધ ધર્મ છે. અત્યાર સુધીમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરતાં મન, વચન, કાયાથી કોઈ પણ દોષ (અતિચાર) લાગ્યો હોય, તેની આત્મસાક્ષીએ નિંદા કરું છું, ને ગુરુસાક્ષીએ ગર્હા કરું છું. જે દોષની શુદ્ધિને માટે ગુરુ મહારાજની આજ્ઞા પ્રમાણે પ્રાયશ્ચિત્તાદિ કરવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂરિયાત જણાતી હોય, તો તે દોષની શુદ્ધિને અંગે પ્રાયશ્ચિત્તાદિ કરીને આત્મશુદ્ધિ કરવા ચાહું છું.

૧૯–સંસારની રખડપટ્ટી ટાળવાનો ઉપાય–પૂર્વધર ભગવંતે શ્રી પંચસૂત્રના પહેલા પાપપ્રતિઘાતબીજાધાન નામના સૂત્રમાં ફરમાવ્યો છે તે આ પ્રમાણેઃ દરરોજ એમ વિચારવું કે આ જીવ અનાદિ છે, અને તેને સંસારની રખડપટ્ટી પણ અનાદિ કાલની છે. અનાદિ કર્મસંયોગથી જ સંસારમાં રખડપટ્ટી કરવી પડે છે. આ સંસાર દુઃખરૂપ છે, તેમાં એક દુઃખ ખસે ત્યાં બીજું દુઃખ આવીને ઊભું જ રહે, માટે તે દુઃખરૂપ ફલવાળો કહ્યો છે. ૧ શ્રી અરિહંત શરણાદિ ચાર શરણને અંગીકાર કરવા, ૨ સુકૃતની અનુમોદના, ૩ અને દુષ્કૃતની ગર્હા-આ ત્રણ સાધનોની ભાવના વારંવાર કરવાથી ભવ્યત્વાદિ સામગ્રી મળી શકે, તેની આરાધનાથી પાપ કર્મનો નાશ થાય. તેથી જ્ઞાનપૂર્વક નિર્નિદાન શ્રી જિનધર્મની આરાધના કરી શકાય. ને તેથી સંસારમાં રખડવાનું બંધ થઈ જાય; આ રીતે સંસારની રખડપટ્ટી ટાળી શકાય.

૨૦–મનથી અયોગ્ય વિચાર કરતાં, વચનથી અયોગ્ય વેણ બોલતાં, અને કાયાથી અનુચિત પ્રવૃત્તિ કરતાં જે પાપ બંધાયું હોય, તે સંબંધી મિથ્યા દુષ્કૃત દઉં છું.

૨૧–મેં કોઇનું અનિષ્ટ ચિંતવ્યું હોય, કોઈને ખરાબ વેણ કહ્યાં હોય, કાયાથી કોઈને તાડનાદિ કર્યું હોય, તે સંબંધી હું ખમાવું છું. અને જેઓ મારા ગુન્હેગાર હોય, તેઓ મને ખમાવે એમ હું ચાહું છું; કારણ કે ખમવું અને ખમાવવું એ શ્રી જિનશાસનની અવિચ્છિન્ન મર્યાદા છે. જે ભવ્ય જીવો ખમે, અને ખમાવે, તેઓ જ આરાધક કોટીના જાણવા; અને જેઓ ન ખમે, ન ખમાવે, તે જીવો વિરાધક જાણવા. પાપ કરવું એ દુષ્કર નથી, પણ નિર્મલ ભાવથી પ્રાયશ્ચિત્ત કરી ખમાવી આત્મશુદ્ધિ કરવી એ જ બહુ દુષ્કર છે.

૨૨–ભૂત ભવિષ્ય વર્તમાન કાલના સર્વ તીર્થંકરાદિને, બધા જૈનતીર્થોને, અને ત્યાં રહેલી તમામ જિનપ્રતિમાને હું ભાવથી વાંદુ છું.

૨૩–આ રાત્રિમાં કદાચ મરણ થાય તો મારે સ્વાધીન લક્ષ્મી વગેરે તમામ પદાર્થોને વોસિરાવું છું.

૨૪–મેં પ્રાણાતિપાતાદિ અઢારે પાપસ્થાનકોમાંથી કોઇ પણ પાપસ્થાનક સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવનારની અનુમોદના કરી હોય, તે સંબંધી મિચ્છામિદુક્કડં દઉં છું.

૨૫–ચોરાશી લાખ જીવયોનિમાંના કોઈ પણ જીવને હણ્યો હોય, હણાવ્યો હોય હણનારને સારો માન્યો હોય, તે સંબંધી મિથ્યાદુષ્કૃત દઉં છું.

૨૬–શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ, જિન ધર્મ મહામંગલિક છે, લોકમાં ઉત્તમ છે–હું તે ચારેના શરણને અંગીકાર કરું છું.

૨૭–તમામ વિચારો દૂર કરી શ્રી સિદ્ધચક્ર ભગવંતના સ્વરૂપને વિચારતાં વિચારતાં અલ્પ નિદ્રા લેવી. વચમાં નિદ્રા ઊડી જાય તો નિર્મોહ દશાની ચિંતવના કરવી. શ્રી મલ્લિનાથ–નેમિનાથ–જંબૂસ્વામી-સ્થૂલિભદ્રાદિની જીવનઘટના વિચારવી. એ પ્રમાણે શ્રી-પંચસૂત્રાદિ અનેક ગ્રંથોના આધારે બહુ જ ટૂંકામાં આરાધક ભાવના અહીં જણાવી છે. ભવ્ય જીવો તેને વારંવાર વિચારી મનન કરી મન, વચન, કાયાની એકતા સાધી સમતામય મોક્ષમાર્ગની સાધના કરી મુક્તિના અવ્યાબાધ સુખ પામે એ જ હાર્દિક ભાવના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોંઘા વાત્સલ્યનાં મોંઘાં મૂલ્ય

## [ આર્યરક્ષિતનું ઋણવિમોચન ]

લેખક—**પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી**

સુરસાલ અને ફલદ્રુપ અવન્તિદેશમાં દશપુર નામનું નગર હતું. એ નગરના વિશિષ્ટ વિભાગરૂપ બ્રહ્મપુરીના એક વિશાલ ગૃહમાં સોમદેવ નામનો બ્રાહ્મણ જ્ઞાતિનો કુલીન વિદ્વાન વસતો હતો. તે વેદ અને વેદાંતનો પારંગત તથા ક્રિયાનિષ્ઠ હોઈ શાન્ત, સરલ ને સહિષ્ણુ હતો. દશપુરના રાજા ઔદ્રાયણનો તે રાજપુરોહિત હતો. પુરોહિતના પદ પર આવ્યા બાદ એણે અલ્પ સમયમાં જ ભારે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. તેની સૌમ્ય મન્ત્રણાથી ઔદ્રાયણનું રાજ્ય સુસ્થ, સુખી અને સંપન્ન બન્યું હતું. ન્યાયનિષ્ઠ એ પુરોહિતની પ્રેરણાથી બ્રાહ્મણધર્મ અને શ્રમણધર્મ બન્ને અમુકાંશે આધ્યાત્મિક વિભિન્નતા ધરાવતાં છતાંયે વ્યવહારના ક્ષેત્રમાં તેઓ સમભાવથી વર્તતા હતા. આ પુરોહિતની સ્ત્રીનું નામ હતું રુદ્રસોમા.

રુદ્રસોમા પણ પોતાના પતિ સોમદેવના સમાન જ સર્વોચ્ચ કુલ—જાતિમાં જન્મેલી હતી. તેના પિયરમાં જૈનધર્મનો પરિચય હોવાથી તે જૈન સંસ્કારથી ઘડાયેલી હતી. અતિશય શ્રદ્ધાની સાથે તે જૈન ક્રિયાનો આદર કરતી હતી. જૈનદર્શનવાદને માટે તેને યોગ્ય પણ અત્યન્ત અભિમાન હતું. દયા અને ઔદાર્યથી તેનું હૃદય કોમળ અને મહાન બનેલું હતું. કર્મના સિદ્ધાન્તની શ્રદ્ધા તેના હૈયામાં ભારોભાર ભરેલી હતી. વિનીતતા એ એનું જીવન હતું અને પાતિવ્રત્ય એ એનો શણગાર હતો. સોમદેવની સહચારિણી થયા બાદ એ પતિના જીવનમાં બધીય રીતે ઓતપ્રોત થઈ ગઈ હતી, અને તે પણ અલ્પ સમયમાં જ. સોમદેવ અને રુદ્રસોમા એ બન્ને પતિ—પત્ની મહાનુભાવ અને ઉદાર હોવાથી તેમને તેમના પારલૌકિક પ્રશ્નમાં કદીય ધાર્મિકભેદજન્ય બાધા આવી ન હતી અને આવવાનો સંભવ પણ ન હતો.

રુદ્રસોમા અત્યન્ત રૂપવતી, લાવણ્યવતી અને સર્વાંગ શોભાવતી હતી. તેના નયનમાં સ્થિર સ્નેહની સ્નિગ્ધતા અને મુખમાં અનુકૂલ વચનામૃતની મીઠાશ હતી. કુટુમ્બમાં સૌ કોઈથી એનાં પગલાં પનોતાં મનાતાં હતાં. કોઈને એ સરસ્વતી સરખી તો કોઈને લક્ષ્મીશી તો વળી કોઈને એ પુનીત પાર્વતી જેવી લાગતી. એ સન્નારીએ સાર્વદિક વિનીતતાથી, સુશીલતાથી અને સદ્ભક્તિભાવથી પોતાના પતિને અને સર્વ સ્વજનોને જીતી લીધાં હતાં, કહો કે એ સર્વ સ્વયમેવ જિતાઈ ગયાં હતાં.

સોમદેવ ને રુદ્રસોમા પરસ્પર પ્રેમાળ અને પવિત્ર હતાં. એઓ સદાગ્રહી અને સ્વમાનશીલ હોવા સાથે સત્યપ્રિય અને પરમતસહિષ્ણુ હતાં. એમનાં વર્તન ભવ્ય અને દિવ્ય હતાં. આ સર્વથી એમનો ગૃહસંસાર સુખી અને પ્રશંસનીય બન્યો હતો. એમના એ ઉમદા ગૃહસંસારના સ્વાભાવિક ફળ તરીકે એમને આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત નામે બે પુત્રો અને અમુક પુત્રીઓની પ્રાપ્તિ થઈ હતી. રુદ્રસોમાનું માતૃપદ આદરપાત્ર અને ગૌરવવંતું બન્યું હતું.

બુદ્ધિના ભંડાર આર્યરક્ષિતને ઉપનયનનો સંસ્કાર થયા પછી એણે વેદાધ્યયનનો આરંભ કર્યો, અને પિતાની પાસેની સર્વ વિદ્યા શીખી લીધી. પણ જાણે એ આટલા અભ્યાસથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૃપ્ત ન થયો હોય તેમ એ વિશેષ વિદ્યાની પ્રાપ્તિ માટે તે સમયમાં સર્વવિદ્યાના ધામ સમા પાટલીપુત્ર નગરમાં ગયો. ત્યાં મીમાંસાદિ ચાર વિદ્યા અને વેદ ઉપનિષદાદિનું તેણે અધ્યયન કર્યું. લૌકિક બધીય વિદ્યાઓનો વેત્તા તે હવે પોતાના નગર આવવાને પાછો ફર્યો. એનું પ્રયાણ અતિશીઘ્ર હતું. જ્યારે તે દશપુરના પાદરમાં આવ્યો ત્યારે લગભગ સંધ્યાનો સમય થવા આવ્યો હતો તેથી તેણે તે રાત્રિ નગરની બહાર જ નિર્ગમન કરવાનો વિચાર કર્યો, અને પોતાના આગમનના સમાચાર પોતાના પિતાને પહોંચાડી દીધા. પિતાએ આ સમાચાર ઔદ્રાયણ રાજાને જણાવ્યા અને નગરમાં પણ તેની જાહેરાત થઈ ચૂકી. રાત્રિ વ્યતીત થઈ, નગર શણગારાઈ ચૂકયું અને જોતજોતામાં સામૈયાની સર્વસામગ્રી તૈયાર થઈ ગઈ. નગરના પૂર્વદિશાના દરવાજા તરફની પ્રવૃત્તિ અત્યારે અભૂતપૂર્વ હતી. મન્ત્રીઓ, શેઠશાહુકારો, નાગરિકોના મોટા સમૂહ સાથે દશપુરનો રાજા અને સોમદેવના સર્વ સંબંધીઓ આર્યરક્ષિતનું સ્વાગત કરવા તેની સામે ગયા. અને તેને હાથી પર બેસાડી આડંબર સહ પુરપ્રવેશ કરાવ્યો. પુરપ્રવેશ કરતાં તેને નિરખતાં લોકોનાં નયનો ધરાતાં ન હતાં. અત્યારે આ આખુંય નગર એ મહાપંડિતના ગુણગાનથી ગાજી ઊઠયું હતું. નગરના મુખ્ય મુખ્ય વિભાગોમાં થઇ જ્યારે તે બ્રહ્મપુરીના વિભાગમાં આવી પહોંચ્યો ત્યારે ત્યાં માનવમેદિની સમાતી ન હતી. લાજાથી વધાવાતો અનુક્રમે તે પોતાના વિશાલગૃહની બાહ્યશાળાની આગળ આવી પહોંચ્યો. ત્યાં સૌભાગ્યવતીઓના સ્વસ્તિકાદિ માંગલ્યોપચાર થયા બાદ તેણે અશોકપલ્લવાદિથી શણગારેલી બાહ્યશાલામાં પ્રવેશ કર્યો. સભા યથાયોગ્ય રીતે વ્યવસ્થિત થયા બાદ શ્રોત્રિયગણે આશીર્વાદના મન્ત્રો ઉચ્ચાર્યા અને બ્રહ્મવિદ્યાર્થીઓએ વાગ્દેવતાની શ્લોક પ્રશસ્તિઓ ગાઈ સંભળાવી. આ પછી રાજાએ, નગરશ્રેષ્ઠીએ અને ધનાઢ્ય નાગરિકોએ ચતુર્દશવિદ્યાવિશારદ આર્યરક્ષિતને ઘણા જ આદર સત્કારપૂર્વક પુષ્કળ ધન વસ્ત્રાદિથી સત્કાર્યો. આજ પહેલાં આવો આદર–સત્કાર ભાગ્યે જ કોઈ વિદ્વાનને મળ્યો હશે. આર્યરક્ષિતના ચરણે યથાયોગ્ય ભેટણાં ધરી માનવસમુદાય ધીરે ધીરે ઓસરાવા લાગ્યો. ત્યારે પણ એનાં સ્વજન, સંબંધી, મિત્ર અને આડોશીપાડોશીઓનો મોટો સમૂહ તેને ઘેરીને ઊભો હતો. સમૂહમાં એનાં પૂજનીય વડીલો પણ હતાં. ઔચિત્યાનુસાર એ સર્વને એણે પ્રણામાદિથી સત્કાર્યા અને પછી સભાને વિસર્જન કરતો તે ત્યાંથી ઊઠયો. બ્રહ્મયુવતિઓનાં પ્રશંસાત્મક ગીતો અને કુલવૃદ્ધાઓનાં આશીર્વાદાત્મક ઓવારણાંને ઝીલતો એ ત્યાંથી ગૃહાંગણમાં આવ્યો. એને એવી શ્રદ્ધા હતી કે, મારી વાત્સલ્યભરી માતા મને આતુર નયનોથી નિરખવા અને મારા પ્રણામને ઝીલી અંતરનો ઊંડો આશીર્વાદ દેવા અત્યારે જરૂર અહીં કૌટુમ્બિક સ્ત્રીઓની વચ્ચે આવીને ઊભી હશે. પણ દશપુરની જનતા અને રાજથી પૂજાયેલા એણે આ વખતે અહીં, પોતાના માટે જગતમાં સૌથી વિશેષ પૂજનીય એવી પોતાની જનેતાને ન જોઈ. ઊભેલાં સ્ત્રીજન પ્રત્યે યોગ્યતાથી વર્તતો તે માતાનાં દર્શન કરવા ત્યાંથી સીધો ઘરની અંદર ગયો. સમતાના સરવરિયામાં ઝીલતી માતાને એણે ત્યાં જોઈ અને પ્રેમભક્તિથી પોતાનું મસ્તક તેના ચરણમાં નમાવી દીધું.

'શરદાં શતં જીવ'–ગંભીર માતાએ આશીર્વાદ ઉચ્ચાર્યા. આ પછી તેણે ક્ષેમકુશળના સમાચાર પણ હૃદયના ઊંડાણમાં છૂપું વાત્સલ્ય હોતાં છતાંય એક પાડોશણની જેમ ગંભીર ભાવે જ પૂછી લીધા. આર્યરક્ષિતને માતાની આ ગંભીરતા અસહ્ય થઈ પડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્યરક્ષિતે વિચાર્યું: પ્રાણ સમા મારા વિયોગને સહન કરવો એ મારી માતાને લેશ પણ પાલવે તેમ ન હતું, છતાં તેણીએ મારા હિતની ખાતર ધૈર્યને ધારણ કરી એ વિયોગને સહી લીધો. મારા પ્રવાસના આટલા લાંબા સમય સુધી તેણે નિદ્રામાં પણ સ્વપ્ન વશ બની સતત મારું નામ સ્મર્યા જ કર્યું હશે. તેના સુતવિરહના દુઃખનો ખ્યાલ કરતાં પણ ગમે તે ઓછા પરિચિત સજ્જનનું હૈયુંય કમ્પી ઊઠે. આમ છતાં આજે મારી વિદ્યાનો પ્રભાવ, રાજાદિ તરફથી કરાયેલો ગૌરવમહિમા અને તેથી પ્રાપ્ત થયેલી અતુલ લક્ષ્મી વગેરેથી પણ મારી માતાનો મારા તરફનો પ્રેમસાગર ઉછાળા મારતો નથી થઈ શકયો; અત્યારે તેનામાં હોવો જોઈએ તેવો કોઈ પ્રેમજન્ય સંભ્રમ નથી, તેમ તે આ અવસરે જેવી જોઈએ તેવી આનંદિત પણ જણાતી નથી. ત્યારે તેને પુરપ્રવેશથી લઈ અત્યાર સુધી જે કાંઈ સુંદરતામાં પરિણમ્યું હતું તે સુંદર ન લાગ્યું. માતાની મીઠાશની પાછળ જ સારા જગતની મીઠાશ રહેલી છે એવી તેની સમજે તેને અત્યારે મુંઝવી નાખ્યો. એની અગાધ બુદ્ધિ માતાની આ અનવસર ગંભીરતા અને ઉદાસીનતા કયા કારણને લઈને હશે એ સમજી લેવાને વધારે વિચાર કરવા સ્તંભી નહિ. તેણે માતાને જ પ્રશ્ન કર્યો:

"પૂજ્ય માતા, તારા આ બાલકને તારી શી આજ્ઞા છે? માતાના લહાવની લહરીઓ અને હર્ષના ઉછાળા સદાય બાલક મનાતા તેના પુત્રના ઉદય અને સમુન્નતિના ચંદ્રને જ સવિશેષ અવલંબે છે. ધન, મહત્તા કે અન્ય કાંઈ પણ તેવું ન નિરખતાં કેવળ 'આવતાં'ને જ નિરખતી માતા પુત્રને નિરખતાં જ આનંદથી ઉભરાઈ જાય છે. સ્વજન–સંબંધી, આડોશી–પાડોશી, પરિચિત–અપરિચિત સૌ કોઈ આજે હર્ષના હેલે ચડયાં છે, ત્યારે તું શા માટે શાન્ત ને સ્થિર છે? તારી આ ગંભીરતા ને ઉદાસીનતાની ઓથે રહેલી ઇચ્છાને આજ્ઞારૂપે ઉઠાવવા તારા આ પુત્રનું આજ્ઞાંકિત મસ્તક સદાય નમેલું જ છે, ને હશે. માતા! તું ગમે તે ઇચ્છી શકે છે, ગમે તે બોલી શકે છે અને તારા આ આજ્ઞાંકિત પુત્રને તું ગમે તે ફરમાવી શકે છે. તારા કલ્યાણપ્રદ હાથનો આશીર્વાદ દઈ માતા! તું મને મારું જે કાંઈ કર્તવ્ય હોય તે જણાવી દે. માતા! તું સ્પષ્ટ કર, તારો શો મનોરથ છે?" હમણાં જ પુષ્કળ લક્ષ્મી ને માનમહત્તાને વરેલા વિદ્વાન મહાનુભાવ આર્યરક્ષિતે જાણે પોતાની સંસ્કારી વિનીતતાને માતાના ચરણકમલ નીચે પાથરી દીધી.

રુદ્રસોમાએ પુત્રની વિનીતતાના વાંસા પર પોતાનું હાથ–હૈયુ પંપાળ્યું. એની ઉદાસીનતાની ભૂમિમાંથી એના મનોરથતરૂનો અવંધ્ય ફણગો ફૂટતો એણે જોયો. એના અંતરમાં પરમ તોષજન્ય શાન્તિ પ્રગટી હતી, પણ હજી તે ગંભીર તો પૂર્વના જેવી જ હતી, કેમકે પોતે કરવા ધારેલા કર્તવ્ય–સૂચનની ગંભીરતાનો એને પૂરેપૂરો ખ્યાલ હતો. પણ પ્રૌઢાવસ્થાની લગભગ મધ્યમાં વર્તતી અતિ સ્થિર એવી એ વિચારવંતી ને વિવેકવંતી આર્ય નારી હતી. 'સિદ્ધાન્ત જેટલો સુંદર અને આદર્શ જેટલો ઉમદા, તેટલો જ તેનો ઉપદેશ જોખમી અને સાધના દુષ્કર'—એ રહસ્યને તે સમજતી હતી. લગભગ બાવીશ વર્ષની વયે પહોંચી ચૂકેલા પોતાના વિદ્વાન યુવાન પુત્રને આજ્ઞા કરવાનો પોતાનો અધિકાર કેટલો મર્યાદિત છે એ તેની બુદ્ધિની બહાર ન હતું. પગમાં પડેલી વિનીતતા સ્વયમેવ ફરમાન ઉઠાવે અને વિનીતતાનો લાભ લઈ યથેચ્છ ફરમાન કરવું, એ બે વચ્ચેનો ભેદ તે બરાબર સમજતી હતી. અંતર સ્પષ્ટ કરતાં પોતાને અને પોતાનાં વહાલાં સ્વજનને કેટલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલો મહાન ત્યાગ કરવાનું આવો પડશે તેથી એ સર્વથા સુજ્ઞાત હતી. વ્યવહારકુશલ એ રુદ્રસોમા સમજતી હતી કે, '**प्राप्ते तु षोडशे वर्षे**' પિતાને પણ પુત્ર પ્રતિ મિત્ર બનવાનું સુભાષિત છે. માતા તો સંતાનોને સદાય સોડમાં જ સંતાડી રાખે છે અને 'ભાઈ, બહેન'નાં મીઠાં સંબોધનથી તેમને સંસારના સમ વિષમ રાહ દર્શાવી કર્તવ્યની સૂચના કરે છે. અત્યારે આપણે રુદ્રસોમાને એક વાત્સલ્યભરી અને પરમહિતૈષિણી માતા તરીકે એવી જ રીતે સૂચન કરતી અને સલાહ આપતી અહીં જોઈ શકીશું.

"બેટા! તારી કુલીનતા પિતૃઆજ્ઞાને ઉઠાવી કુલાચારને યોગ્ય વિદ્યાનું પરિશીલન કરે એમાં હસ્તપ્રક્ષેપ કરવાનો મને અધિકાર હોય જ નહિ. અને મેં એમાં કદિ હસ્તપ્રક્ષેપ કર્યો પણ નથી. પણ સિદ્ધાન્ત અને આદર્શની બાબતમાં મારું હૃદય જે તેને સત્ય લાગે તે પ્રમાણે વર્તતું હોય તો તેને હું અટકાવી શકું નહિ. એ હૃદયને તેના નિશ્ચિત સત્યનો આગ્રહ હોવો જ જોઇએ. મારા જીવનમાં એ સત્યના આગ્રહની આડે આવતું સર્વ કાંઈ સહન કરવાને હું સદા તૈયાર જ હતી, પણ સૌભાગ્યવશ એની આડે આજ સુધી કોઈ આવ્યું નથી. આ માટે તારા પિતાની અને તારા કુલની હું ઓછી ઉપકૃત નથી. ઓ! મારા વિદ્વાન પુત્ર! તારા પિતાની જેમ હું પણ વાગ્દેવતાની પ્રશંસક અને યથાશક્ય પૂજારણ છુ. પણ એ વાગ્દેવતા હૃદયની દયાળુ અને અને સર્વરીતે સમન્વય શીલા હોવાની મારી માન્યતા છે. '**अहिंसा परमो धर्मः**' '**मा हिंस्यात् सर्वभूतानि**' એ ઔત્સર્ગિક સુશ્રુતિના અનુચિત અપવાદના નામે વિશાળ વિભાગમાં પશુઓનાં બલિદાનથી વિનશ્વર સ્વલ્પ લાભો બતાવનારી વિદ્યાનો મહિમા કે ગૌરવ અનાર્ય ઉર જ કરી શકે. રાક્ષસીનું રૂપ ધરનારી વાગ્-દેવતાનો આદર કરવામાં મારું આર્ય હૃદય સંકુચિત બને. અને ભાઈ! તારા બાહ્ય વૈભાવ ને માનમહત્તાને નિરખતાં છતાંય મારું એ હૃદય અનુલ્લસિત કે ઉદાસીન રહે તો તે માટે હું નિરુપાય છું. જગતકારુણ્યના અને વિશ્વબંધુત્વના ભાવથી ઉછાળા મારતા તથા સર્વ દર્શનવાદની નદીઓનો પોતાના વિશાળ પેટાળમાં યોગ્ય રીતે સમન્વય સાધતા એવા ' 'દૃષ્ટિવાદ'ના મહાસાગરને પાર કરી મારો પુત્ર આવ્યો હોત તો જરૂર હું, મારા જીવનની સવિશેષ સફળતા માની, હર્ષોલ્લાસથી સમાતી ન હોત. પણ એવાં સદ્ભાગ્ય ભવિતવ્યતાને આધીન હોય છે. છતાં તારું આ લોકનું જ નહિ પણ ઉભય લોકનું હિત ચાહનારી હું-તારી માતા-પશુરક્તને રેલાવનારી અધૂરી વિદ્યાના કરતાં કોઈ વિશિષ્ટ દૃષ્ટિવાદની વિદ્યાથી તને અલંકૃત થયેલો જોવાની હોંશ રાખું તો તે સ્વાભાવિક છે. પુત્રને માટે પુણ્યાનુબંધી પુણ્યથી સ્વર્ગાપવર્ગની પ્રાપ્તિના મનોરથ સેવનારી માતા હિંસાદિ પાપથી થનારો તેનો અધઃપાત ન જ સાંખી શકે." પોતાના પુત્રને દૃષ્ટિવાદની વિદ્યાથી વિભૂષિત થયેલો જોવાના મનોરથ સેવતી રુદ્રસોમા કોઈ ગર્ભિત વિચારથી આટલું બોલી અટકી જાય છે. તેને પોતા-નું હૃદય વધારે સ્પષ્ટ કરવાની જરૂર જણાતી નથી. પણ વણસ્પષ્ટકર્યુંય માતૃ-હૃદય આર્ય હૃદયો ઉકલી શકે છે. આર્યરક્ષિત એ હૈયાને કેવી રીતે ઉકલે છે તે જોઇએ.

"માતા! પુત્રના કલ્યાણાર્થે કરાતો તારો ત્યાગ મહાન છે. આટલો લાંબા કાળનો વિરહ સહન કર્યા બાદ હજી દૃષ્ટિવાદની વિદ્યાથી અલંકૃત થયેલો મને જોવા એ વિરહને લંબાવવા તારું ધૈર્ય કામ કરી રહ્યું છે. આર્ય નારીઓ પિતાના, પતિના ને પુત્રના હિતકલ્યાણાર્થે શું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું નથી ત્યજતી ? મારી પઠિત વિદ્યાઓથી તું ન સંતોષાતી હોય કે ન આનંદથી ઉભરાતી હોય તો એ વિદ્યાઓનો મારા માટે કાંઈ પણ અર્થ નથી. તું દૃષ્ટિવાદ શીખવાની વાત કરી રહી છે. એ વિદ્યાનું નામ આજ સુધી મેં કદી સાંભળ્યું નથી, પણ માતા ! તું બોલી જા કે, એ વિદ્યા હું કયાંથી મેળવી શકું ? એ વિદ્યા દેનારા પરમગુરુ કોણ છે ? " આર્ય રક્ષિતે માતાના મોંઘા વાત્સલ્યનાં મૂલ્ય મૂલવાની પ્રબળ આતુરતાથી કહ્યું અને પ્રત્યુત્તર મેળવવાની ઇચ્છાએ એ તેના સંતોષ ને પ્રસન્નતાને પામેલા પણ શ્રદ્ધાથી સુદૃઢ અને કર્તવ્યની દુષ્કરતાથી ગંભીર બનેલા એવા મુખ તરફ જોઈ રહ્યો. દૃષ્ટિવાદના વિદ્યાભ્યાસની પાછળ પોતાના વડીલ પુત્રનો, પોતાનો, પોતાના પતિનો અને આખાય કુટુમ્બનો ઉદ્ધાર તથા પરમ મહોદય સંભવિત છે એ વાતથી વિદુષી રુદ્રસોમા જ્ઞાત હતી કે અજ્ઞાત હતી એ નાજુક પ્રશ્નને અહીં સ્પર્શ કરવાની આવશ્યક્તા નથી. પણ આર્યરક્ષિત તો એથી અજ્ઞાત જ હતો. દૃષ્ટિવાદની સાથે પરમ ત્યાગ સંકળાયેલો છે એ એને અત્યારે અંધારામાં જ રહેલું છે. અત્યારે તેનું કાર્ય એક જ હતું અને તે માતાના મનોરથની પૂર્તિ. એ કાર્ય કરતાં અન્ય કોઈ લાભાલાભ કે સુખદુઃખના પ્રશ્નનો વિચાર કરવાની પણ તેને અત્યારે આવશ્યકતા જણાવી નથી. **'मनस्वी कार्यार्थी न गणयति दुःखं वा न च सुखम्.'** રુદ્રસોમા પણ આ જ સુભાષિતને અમલમાં મૂકતી ઓવારણાં લેતી એ બોલીઃ—

" પુત્ર ! આજે હું ધન્ય છું. તારા જેવા પુત્રને પામી મારી કૂખ શરમાતી નથી. કેમ કે મારા સૂચનને અનુસરવાનો અને મને સંતોષ કરવાનો તું મહાન મનોરથ સેવી રહ્યો છે. એ દૃષ્ટિવાદના અધ્યાપક લોકોત્તર મહાન ગુરુ શ્રી તોસલિપુત્રાચાર્ય આપણા જ ઇક્ષુવાઢમાં આશ્રય મેળવીને રહેલા છે. હંસની જેમ તેમના ચરણકમલનો આશ્રય કરવાથી તેઓ તને દૃષ્ટિવાદ પઢાવશે." આમાનું અંતિમ વાકય બોલતાં બોલતાં એ પરમાર્હત મહાત્મના બ્રાહ્મણીની આંખમાંથી એક અશ્રુનું બિન્દુ સરી પડ્યું; એ અશ્રુ મનોરથપૂર્તિના હર્ષનું હશે કે ભાવી આવી પડનારા પુત્રવિરહના શોકનું હશે ? સાવચેતીથી કે બીન સાવચેતીથી સરી પડેલા એ અશ્રુબિન્દુને આર્યરક્ષિતે નિરખ્યું હશે કે નહિ એ આપણે જાણતા નથી કે એ જાણવાની જરૂર પણ નથી. પણ તેણે માતાના સૂચનનો સ્વીકાર આવી રીતે કર્યોઃ—

" માતા ! આવતી કાલે પ્રભાતે હું તારા મનોરથને અનુકૂલ પ્રવૃત્તિ આદરીશ. " આ શબ્દો ઉચ્ચારીને દૃઢપ્રતિજ્ઞ એ મહાનુભાવ એક વાર ફરીથી માના ચરણમાં મસ્તક નમાવી તેના મોંઘેરા આશીર્વાદ ઝીલતો ત્યાંથી ઊઠયો અને તેણે આવશ્યક કાર્યોને આટોપી લીધાં. તેની આજની રાત્રિ દૃષ્ટિવાદ સંબંધી વિચાર કરતાં કરતાં જ સૂતી, આજની રાત્રિનાં એનાં સમણાં પણ દૃષ્ટિવાદનાં સુસમણાં જ હતાં.

રાત્રિ વ્યતીત થઈ; જાણે આર્યરક્ષિતના પુણ્યનો પ્હો ફાટી ઉજ્જ્વલ ભાવિનું પ્રભાત પ્રગટ્યું. સપ્રણામ માતા રુદ્રસોમાને પૂછીને તે પૂર્વોક્ત ઇક્ષુવાઢ તરફ જવા નીકળ્યો. એના પિતાના મિત્ર એને સામે મળ્યા. પિતૃસમ વત્સલ એ પિતૃમિત્રના હસ્તમાં શેલડીના નવ આખા સાંઠા અને એક સાંઠાનો ખંડ હતો. આર્યરક્ષિતને એ પ્રથમ પરમ શકુન હતું. પોતાને ભેટ કરવાને માટે લવાતા આ શુભ શકુનરૂપ શેલડીના સાંઠાઓના દર્શનથી એ વિદ્વાન મહાશયે નિશ્ચય કરી લીધો કે, હું દૃષ્ટિવાદનાં નવ અધ્યયન કે એવું જે કાંઈ નવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિભાગરૂપ હશે તે અને દશમાનું થોડુંક કાંઇક ભણી લઇશ. 'હું શરીર ચિન્તાને માટે જઈ રહ્યો છું' એવા કથનપૂર્વક એણે પિતૃમિત્રને સૂચના કરી કે, તમે આ શેલડીના સાંઠાઓ મારાં માતુશ્રીને સમર્પજો અને કહેજો કે તમારા પુત્રને મારું જ પ્રથમ દર્શન થયું હતું. આ પછી આર્યરક્ષિત ઇક્ષુવાટમાં ચાલ્યો ગયો. અને તે પિતૃમિત્ર મહાબ્રાહ્મણે આર્યરક્ષિતને ત્યાં જઈ શેલડીના સાંઠા સમર્પવા પૂર્વક આર્યરક્ષિતની માતાને જણાવ્યું કે, તમારા પુત્રને અત્યારે બહાર નીકળતાં મારું જ પ્રથમ દર્શન થયું હતું. આ સાંભળતાં રુદ્રસોમાને ખાતરી થઈ કે, પોતાનો પુત્ર દૃષ્ટિવાદનાં નવ પૂર્વ અને દશમા-પૂર્વનો કાંઈક ખંડ શીખી લેશે. આથી તેણીને પરમ આત્મસંતોષ અને આનંદાનુભવ થયો. પણ આ બધું એને અંતરમાં જ સમાવી કેવલ મૌનનો જ આશ્રય લેવાનો હતો. કેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે એ તરફ સવિશેષ ધ્યાન આપતી તે પોતાના ઉચિત કાર્યમાં પ્રવૃત્ત થઈ ગઈ. આ પછી સોમદેવ પુરોહિતના ગૃહને આશ્રયી બનેલી બાબતોનો ખ્યાલ આપણને જૈન ઇતિહાસકારો કાંઇ પણ આપતા નથી. સંસારના અનુભવીઓને જ એ મોહનું વાતાવરણ ઉકેલવા દો. પણ એ વાતાવરણ ઉત્પન્ન થયા પહેલાંનો સ્વલ્પ સમય, ચાલો, આપણે તોસલીપુત્રાચાર્યના ઉપાશ્રયની પાસે જ પસાર કરીએ.

આર્યરક્ષિત ઇક્ષુવાટમાં સ્થિત ઉપાશ્રયના દ્વારે ગયો અને એણે સ્થિર બુદ્ધિએ બહાર ઊભાં જ વિચાર કર્યો કે, સર્વથા અજાણ્યો એવો હું આ આચાર્યના પ્રતિશ્રયમાં કેવી રીતે પ્રવેશી શકું? એમના પ્રતિ આદરવા યોગ્ય એવા કોઈ પણ જાતના ઉચિતને હું જાણતો નથી. જાણીતા જને પણ વગર ઉચિતે રાજાઓની જેમ ગુરુઓની પાસે એકદમ સમીપમાં જઈ શકાય નહિ તો પછી હું તો સર્વથા અજાણ્યો અને ઉચિતથી અવિદિત છું. મારી માતાએ મને શ્રમણોનો ઉપાસક બનીને દૃષ્ટિવાદ શીખવાનું કહ્યું છે. પણ એ શ્રમણોપાસકનું પ્રાથમિક ઉચિત જાણ્યા સિવાય હું કઈ રીતે શ્રમણોના સંસર્ગમાં આવી શકું! માટે હું અહીં કંઇક સ્થિરતા કરું અને પ્રાભાતિક વંદનના માટે આવતા શ્રમણોપાસકોમાંથી કોઇની સાથે ઉપાશ્રયની અંદર પ્રવેશ કરું. બુદ્ધિપૂર્વકના વિવેકે આર્યરક્ષિતને અહીં દ્વાર આગળ જ અટકાવી રાખ્યો છે, અને ત્યાં રહ્યો છતો તે માલકોશાદિ રાગોથી સ્વાધ્યાય કરતા શ્રમણોના શમરસભર્યા સૂરને શ્રવણોમાં રેડતો હરણાની જેમ એકતાન બની ગયો છે.

આ સમયે ઢઢ્ઢર નામનો શ્રમણોપાસક સાધુઓને વંદન કરવાને માટે ત્યાં આવ્યો અને તેણે ત્રણ 'નિસ્સહી' કરી ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. આ પછી 'ઈરિયાવહી' પ્રતિક્રમી તેણે વિધિપૂર્વક આચાર્યાદિ સર્વ સાધુઓને વન્દન કર્યું અને તે આસન પ્રમાર્જી આચાર્યની આગળ બેઠો. ઢઢ્ઢરની પાછળ ઉપાશ્રયમાં પ્રવેશેલા આર્યરક્ષિતે એ શ્રાવકનો આચરેલો સર્વ સમાચાર બરાબર અવધારી લીધો અને મહાબુદ્ધિશાળી એણે એ શ્રાવકની જેમ જ પાઠ ઉચ્ચારવા પૂર્વક અભિનય કરી આચાર્યાદિને વાંદ્યા. એણે ત્યાં ઉપવિષ્ટ ઢઢ્ઢર શ્રાવકને વંદન ન કર્યું, કેમકે એ આમ્નાયથી તે અપરિચિત હોઇ અજ્ઞાત હતો. આથી જ તોસલિપુત્રાચાર્યે જાણી લીધું કે—આ કોઈ નવીન શ્રાવક છે. એમણે ત્યાં ઉપવિષ્ટ આર્યરક્ષિતને 'ધર્મલાભ' રૂપ આશીર્વાદ દઇ પૂછ્યું કે, "મહાનુભાવ! તમને ધર્મની પ્રાપ્તિ કયાંથી થઈ?"

"આ શ્રમણોપાસકથી મને હમણાં સમાચરિત ધર્મની પ્રાપ્તિ થઈ છે, બીજા કોઇથી નહિ." આર્યરક્ષિતે યથાતથ્ય નિરૂપણ કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોસલિપુત્રાચાર્યે સમીપમાંના સાધુઓ તરફ નજર નાખતાં તેઓએ સ્પષ્ટ કહ્યું કે:—

"ભગવન્! રુદ્રસોમા શ્રાવિકાનો આ વેદવિદ્યાપારંગત વિદ્વાન પુત્ર છે. ચૌદ વિદ્યા સ્થાનના ઉપાધ્યાય એવા એમને રાજાએ હાથીની અંબાડીએ બેસાડી ઘણા જ આડંબર-પૂર્વક આ નગરમાં પ્રવેશ કરાવ્યો હતો. તેઓ પ્રથમ ગુણસ્થાનમાં રહેલાઓના અગ્રેસર છે. આશ્ચર્યની વાત છે કે, શ્રાવકનો આચાર તેમનાથી સમાચરાય છે કેમ?"

"હાલમાં હું નિશ્ચયથી શ્રાવક છું. જીવોને શું નવીન ભાવપરિણામ ન જાગે? પ્રભો! નિર્વિવેકી એવા મેં અત્યારસુધી હિંસાનાં ઉપદેશક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, કે જેથી હું નરકાદિ દુર્ગતિનું ભાજન બનું. ભગવન્! હવે મને આપ પ્રસાદ કરી દૃષ્ટિવાદનો અભ્યાસ કરાવો," આર્યરક્ષિતે પોતાની ભાવુકતાને યોગ્ય પ્રાર્થના કરી.

"મહાનુભાવ! જો તારી ઇચ્છા દૃષ્ટિવાદનો અભ્યાસ કરવાની હોય તો તું દીક્ષાનો અંગીકાર કર અને એટલે પછી તને ક્રમશઃ દૃષ્ટિવાદનો અભ્યાસ કરાવવામાં આવશે," શાન્ત અને યોગ્ય સમજીને આચાર્યે આર્યરક્ષિતને આવી રીતે માર્ગનિદર્શન કર્યું.

આર્યરક્ષિતને કોઈ પણ રીતે પોતાનું કાર્ય સિદ્ધ કરવું જ હતું. એ જાણતો હતો કે, કોઇ પણ વિદ્યા તેના આમ્નાયગત વિધિ વગેરે યોગ્ય રીતે હસ્તગત થઈ સિદ્ધ-સફળ થતી નથી. માતાના અને હવે તો મારા પણ મનોરથ પૂરવા ખાતર મારે ચારિત્ર અંગીકાર કરવું જોઈએ એવી ભાવનાથી તેણે ઉતાવળ કરતાં કહ્યું:—

"તો આપ મને અત્યારે જ પ્રવ્રજ્યા આપી દ્યો. મારા માટે સર્વ મનોરથ પૂરનારી એ દુષ્કર નથી. પણ મારા-બાલકના પર કૃપા કરીને આપે આ સ્થળને છોડી વિહારનું કષ્ટ ઉઠાવવું પડશે, કેમકે રાજા અને નગરના લોકો મને અહીં દીક્ષિતાવસ્થામાં રહેલો જોઈ અત્યન્ત અનુરાગથી તેઓ મારી પ્રવ્રજ્યાને છોડાવી પણ દે."

શ્રીતોસલિપુત્રાચાર્યે વિચાર્યું કે—આર્યરક્ષિતનું કહેવું બરાબર છે. અજ્ઞાત દુનિયાનો ઉન્માદ શું ન કરે? મોહમાં પડેલાં સ્વજનો પણ ભાગ્યે જ દીક્ષિતના હિતનો વિચાર કરે છે. આ વિદ્વાન બ્રાહ્મણ કુલીન છે, વિનમ્ર છે, સંયમભારસહ અને શાસનપ્રધાન પુરુષ બનવાને યોગ્ય છે. એનું અપહરણ કરીને પણ શાસનની સેવા બજાવવાની આ એક મહાન તક છે. પુખ્ત વયનાંને તેનાં વડીલોની સમ્મતિ મેળવવાની તક આપવી જોઈએ; પણ એમાં એકાંત નથી. સંજોગો અને શાસનના મહાન લાભો વિચારવા જોઈએ. જેનું પરિણામ સુંદર છે એ કાર્ય કદી પણ અસુંદર હોઈ શકે જ નહિ. વિશ્વકલ્યાણના સવાલ આગળ અંગીય વાતો નિરર્થક અને અવ્યવહારુ છે. આ ભવ્ય મહાનુભાવની અંતઃકરણ પ્રવૃત્તિને પ્રમાણ માની આદર આપવામાં સર્વનું શ્રેય જ થશે." જ્ઞાનોપયોગ અને તેના સહચારી ઉપરોક્ત વિચારના અંતે શ્રીતોસલિપુત્રાચાર્ય દશપુર નગરની એ સુપ્રસિદ્ધ ઇક્ષુવાટિકાથી તરત જ વિહાર કરી ગયા. તેઓએ પોતાની સાથે આર્યરક્ષિતને પણ દેશાન્તર કરાવ્યું. ભગવાન શ્રી મહાવીરના શાસનમાં શિષ્ય બનાવવાની ખાતર આવી રીતે અપહરણ કરવાનો વ્યવહાર આ પહેલી વાર જ થયો. પ્રવ્રજ્યાના પંથે જવા ઇચ્છનાર, આજ્ઞા મેળવવા યોગ્ય જનોની આજ્ઞા મેળવવાનો પ્રયત્ન કરે, અને જૈનાચાર્ય જો તે પ્રવ્રજ્યાર્હ હોય તો તેને દીક્ષિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે, પણ તેની નિષ્ફેટિકા—અપહરણ કરવાનું ઉત્સર્ગમાં ન હતું. તે આ વખતે મિથ્યાત્વ બહુલ અને જૈન પ્રવ્રજ્યા વિરોધી દ્રવ્યક્ષેત્રાદિના કારણે વ્યવહૃત થયું. મહાવીર નિર્વાણ સં. ૫૪૪ માં મતાન્તરે મ. નિ. ૫૩૧ માં આર્યરક્ષિતને દીક્ષિત કરવામાં આવ્યા.

દીક્ષિત થયા બાદ શ્રમણ શ્રીઆર્યરક્ષિતે પોતાના ગુરુ તોસિપુત્રાચાર્ય પાસે યોગતપોવિધાનાદિપૂર્વક અગિયાર અંગ વગેરેનો અભ્યાસ એક બારાખડીની માફક, અર્થાત્ અતિ શીઘ્રતાથી કરી લીધો. ગુરુમહારાજ પાસે દૃષ્ટિવાદનું પણ જેટલું જ્ઞાન હતું તેટલું તેમણે મેળવી લીધું. આ પછી દૃષ્ટિવાદના વિશેષ અભ્યાસની ખાતર તેઓએ ગુરુવર્યની આજ્ઞા લઈ દશ પૂર્વધર શ્રીવજ્રસ્વામીજીની પાસે જવા વિહાર કર્યો. તેમણે ઉજ્જયિનીમાં યુગપ્રધાન શ્રી ભદ્રગુપ્તાચાર્યને અંતિમ નિર્યામણા કરાવી અને તે પછી શ્રી વજ્રર્ષિની પાસે જઈ પોતાને દૃષ્ટિવાદનો અભ્યાસ કરાવવા તેમને વીનવ્યા. શ્રીભદ્રગુપ્તાચાર્યની સૂચના મુજબ ભિન્ન ઉપાશ્રયમાં રહી અભ્યાસ કરાવવાનું શ્રીવજ્રસ્વામીજીએ સ્વીકાર કરતાં શ્રીઆર્યરક્ષિતે તેમની પાસે સંપૂર્ણ નવ પૂર્વનું અધ્યયન કરી અને દશમા પૂર્વના અભ્યાસની શરૂઆત કરી.

ત્યાં દશપુર નગરમાં આર્યરક્ષિતની માતા રુદ્રસોમાની સ્થિતિ વર્ષોના પુત્રવિરહથી શોકઘેરી બની ગઈ હતી. તેની આંખો પોતાના પુત્રનું મુનિમહત્ત્વ, જ્ઞાનગૌરવ અને આધ્યાત્મિક ઉન્નતિ નિરખવા તલસી રહી હતી. પોતાના પુત્રરૂપ સૂર્યનો પ્રકાશ પોતાના અને પોતાના પતિ ઉપર જ નહિ પણ પોતાના પિયર અને શ્વશુર કુલના સર્વ સ્વજનો ઉપર પણ પથરાયેલો જોવા તે સતત ભાવના ભાવી રહી હતી. રત્નગર્ભા એ માતાએ પતિ સોમદેવની સંમતિ મેળવી પોતાના દ્વિતીય પુત્ર ફલ્ગુરક્ષિતને શ્રી આર્યરક્ષિતજીની પાસે મોકલ્યો. એણીએ મીઠા અને અનુકૂલ પણ ઉપાલંભભર્યો સંદેશો કહાવ્યો કે:—

"ઓ મારા કુલદીપક પુત્ર! અમે ઘણાય સંદેશા કહાવ્યા છતાં તું ગયો તે ફરી આવ્યો જ નહિ. શું અમોને સર્વથા વિસરી ગયો? તેં મોહને મૂકી દીધો, પણ તેની સાથે અમારી વત્સલતા બુદ્ધિને પણ શું અવગણી? અપૂર્વ વૈરાગ્યવંતા છતાં પણ શ્રીવર્ધમાને અભિગ્રહ કરીને ભક્તિપૂર્વક માતા પર કારુણ્ય દાખવ્યું હતું. સ્નેહબુદ્ધિ ન હોય તો પણ મારા પર ઉપકાર કરવાની ખાતર તું જલદી આવી જા. તું જે માર્ગે ગયો છે તે માર્ગે હું પણ મારાં પગલાં માંડીશ. મારી પાછળ તારા પિતા, ભાઈ, બહેન, બનેવી વગેરે ઘણુંય સ્વજનો તારા જ પંથે પળશે. જરૂર એક વાર તું આવી જા અને અમને કૃતાર્થ કર."

ફલ્ગુરક્ષિતે શ્રી આર્યરક્ષિતજીની પાસે પહોંચી માતાએ કહાવેલો સર્વ સંદેશો તેમને સંભળાવ્યો અને પોતાના તરફથી પણ કહ્યું કે:—

"વડીલ ભાઈ! કુટુમ્બને જોવા ઉત્કંઠા જ ન થાય એટલા બધા કઠિન હૈયાના તમે કેમ બની શક્યા? શોકના કાદવમાં ખૂંચી ગયેલા બાંધવોનો ઉદ્ધાર કરવો એ અત્યારે તમારા માટે યુક્ત છે. વળી તમે જાણો છો કે, હું કોઈ પણ રીતે તમારો વિયોગ સહન કરી શકું તેમ નથી. આજ આવે કાલ આવે એવી આશાએ ને આશાએ દિનદિન ગણતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારાં દુઃખનાં વર્ષો કેવાં વીત્યાં હશે એની કલ્પના તો કરો." **मातृदेवो भव, पितृदेवो भव** " એવાં સૂત્રો શું સાવ વિસારે જ મેલ્યાં ? ઓ ભાઇ ! તમારા વિશ્વબંધુત્વમાં શું અમને સ્થાન નથી ? તમને વિશેષજ્ઞને હું વિશેષ શું જણાવું ? સૌ કોઈ તમારી દોરવણી માગી રહ્યાં છે. માટે દશપુર ચાલો અને સંબંધીઓને પ્રતિબોધિત–પ્રવ્રજિત કરો."

માતાના સંદેશાથી અને સંદેશો લઈ આવેલા ફલ્ગુરક્ષિત લઘુ ભ્રાતાનાં વચનોથી આર્યરક્ષિત મુનિજીને દશપુર જવાની મનોવૃત્તિ થઈ. તેમણે શ્રી વજ્રસ્વામીજીની પાસે આ વિષેની આજ્ઞા માગી, ત્યાં જવાનો પોતાનો ખાસ અભિપ્રાય અને આગ્રહ પણ જણાવ્યો. પરન્તુ દશમા પૂર્વનું જ્ઞાન સંપૂર્ણતયા આપવાની ખાતર તેઓ શ્રી આર્યરક્ષિતજીને સુમધુર વચનોથી રોકતા જ રહ્યા. જ્ઞાનની લાલચે અને જ્ઞાનદાતાના આગ્રહે તેઓ ખસી ન શકતાં ફલ્ગુરક્ષિતને કહે છે કે:—મહાનુભાવ ! કુટુમ્બમાં સૌ કોઈ દીક્ષા લેવાની ઇચ્છા રાખે છે, અને તું મને છોડીને જવાની ના પાડે છે. જો તું મારા સિવાય રહી ન શકતો હોય તો પછી શા માટે દીક્ષા અંગીકાર ન કરે ? તું જ પહેલાં સર્વસત્ત્વ હિતકારી એવું ચારિત્ર અંગીકાર કર."

આર્યરક્ષિતજીનાં આ વચનો સાંભળી ફલ્ગુરક્ષિતે દીક્ષા લેવાની 'હા' ભણી એટલે તરત જ તેને પ્રવ્રજિત કરવામાં આવ્યો. ધન્ય છે એમની સાચી ને કલ્યાણકારિણી બાંધવતા ! આ પછી પણ ફલ્ગુરક્ષિતની પ્રેરણા ચાલુ જ હતી. ' કૌટુમ્બિક ઉદ્ધારને માટે દશપુર તરફ ચાલો ' એ તેનો શબ્દો વખતોવખત શ્રી આર્યરક્ષિતજીના કાને અથડાતા જ રહેતા. દશમા પૂર્વનો અભ્યાસ સાગર સમો વિસ્તૃત છે. તેમાંથી હજુ બિન્દુમાત્રનું જ પાન કરાવ્યું છે. એક તરફ દુષ્પ્રતિકાર માતાપિતાનાં આહ્‌વાન છે. બીજી તરફ મહાન ગુરુની જ્ઞાનાભ્યાસના માટે લોકોત્તર વાત્સલ્યભરી આજ્ઞા છે. કિંકર્તવ્યતાના સંકટ વચ્ચે તેણે જ્ઞાનાભ્યાસ ચાલુ જ રાખ્યો, પણ એ ભાગી ગયેલા ઉત્સાહની ભક્તિ તેમની દશપુર જવાની વારંવારની પૃચ્છાના કારણે વધુ વખત ટકી શકે એમ ન લાગતાં શ્રી વજ્રસ્વામીએ ઉપયોગ દીધો; શ્રુતહાનિના સમયને નિરખ્યો. એમણે આર્યરક્ષિતના જ્ઞાનભ્યાસના માટે વધુ આગ્રહ કરવો છોડી દીધો. આર્યરક્ષિત પણ પોતાની સ્થિતિનો વિચાર કરતાં એ કાળબળને સમજપૂર્વક આધીન થયા અને આજ્ઞા મેળવી ફલ્ગુરક્ષિત ભ્રાતામુનિની સાથે પોતાના દીક્ષાગુરુ તોસલિપુત્રાચાર્ય પાસે પાટલીપુત્ર ગયા. ગુરુએ તેમને ગણાધીશ આચાર્ય બનાવ્યા. આ પછી ગુરુ સ્વર્ગસ્થ થયા અને શ્રી આર્યરક્ષિતચાર્યે દશપુર તરફ વિહાર લંબાવ્યો.

શ્રી આર્યરક્ષિતાચાર્ય મુનિ ફલ્ગુરક્ષિતની સાથે દશપુરની ઇક્ષુવાટિકાના ઉપાશ્રયે પધાર્યા છે એ સમાચારથી આજે દશપુરમાં આનંદોત્સાહનું મોજું ફરી વળ્યું છે. મહા આડંબર ભર્યા સામૈયાથી દશપુરનો રાજા, દશપુરની સર્વ જનતા, એ શ્રમણોનાં સર્વ સ્વજન સંબંધીઓ વગેરે શ્રી આર્યરક્ષિનાદિને વંદન કરવા જાય છે. રુદ્રસોમા ! આજે તારે સોનાનો સૂરજ સમુદિત થયો છે. તારી ભાવનાનો કલ્પતરુ આજે સંપૂર્ણ મહોરીને ફળ્યો છે. તેના રસાસ્વાદનું પાન કરવાને તું ઉતાવળી ઉતાવળી પુણ્યપગલાં માંડતી પુત્રના દર્શનનાં પાન કરવા દૃષ્ટિને દોડાવી રહી છે. સ્વભાવથી સરલ પુત્રવત્સલ પિતા સોમદેવ ! તું પણ તારું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વસ્વ પુત્રોમાં જ માને છે અને સૌમ્ય-અતિસૌમ્ય વિવેકિની ગૃહદેવતા ગૃહિણીની સાથે એ સલુણા સામૈયામાં એક અગ્રેસર બની આગળ ધપે છે.

રુદ્રસોમાની વાટિકા એક મહાતીર્થ બની ગઈ, રાજા વગેરેએ એ મહાતીર્થના અત્યારના અધિષ્ઠાતા શ્રી આર્યરક્ષિતાચાર્યને વંદન કર્યું—સ્તવન કર્યાં, યથાયોગ્ય સૌ કોઈએ તેમનાં પૂજન પણ કર્યાં. રુદ્રસોમા અને સોમદેવના અંતરની લાગણીઓ અમાપ હોઈ અવિવેચનીય હતી. સર્વે સ્વજનોનો આદર અનિર્વચનીય હતો.

પર્ષદાએ યથાયોગ્ય સ્થાન લીધા બાદ શ્રી આર્યરક્ષિતાચાર્યે ધર્મોપદેશ શરૂ કર્યો. ભગવાન શ્રી મહાવીરનાં મહામૂલાં વચનોનો તેમાં પ્રતિધ્વનિ હતો. સંસારના અનાદિ મોહના છેદનના તેમાં સચોટ અને સ્પષ્ટ સુસ્વરો હતા. પ્રવૃત્તિનિવૃત્તિનાં અવિવેક મિશ્રિત મૂળિયાંનું એમાં સમુન્મૂલન હતું. એ ધર્મોપદેશ વેદવાદનો સદર્થપૂર્વક સમન્વય સાધી આર્હતી દૃષ્ટિવાદનાં પૂરકોથી તેની અધૂરાશનાં છિદ્રોને આચ્છાદતી હતી. ભિન્ન ભિન્ન નયગ્રાહી વિરોધાભાસોને સમજાવી પટાવી માલકોશાદિ રાગથી રંગાયેલી એ દેશના વિચાર, વાણી અને વર્તનની વ્યવસ્થિત સંકલિત દશાનું સૂચન કરી તેનો ઉત્તરોત્તર ક્રમ દર્શાવતી હતી. વિનશ્વર સાંસારિક સંબંધોના કરતાં અવિનશ્વર આત્મસત્તાની એકતાનું મહત્ત્વ પરમાધિક હોવાનું એ ફરી ફરી સૂચન કરતી હતી. એ ધર્મોશદેશના અક્ષરે અક્ષરે આધ્યાત્મિક ભાવનાના ભાવ લખાયા હતા.

શ્રી આર્યરક્ષિતાચાર્યની આવી આવી નિવૃત્તિના મહાધ્યેય તરફ લઈ જતી દેશનાને શ્રવણ કરી દશપુરનો રાજા સમ્યક્ તત્ત્વનો જ્ઞાતા અને શ્રદ્ધાળુ બન્યો. સોમદેવનાં સ્વજનોમાં વિરક્ત ભાવનાનું વાતાવરણ ફરી વળ્યું. પુત્રોને ગૃહસ્થાશ્રમમાં નિયોજી વાનપ્રસ્થની સ્થિતિમાં પ્રવેશવાની ઇચ્છાવાળા સોમદેવે રુદ્રસોમાની સંસારની જાળથી છૂટી થઈ પ્રવ્રજ્યા સ્વીકારની વૃત્તિને નિરખતાં તે તેની દીક્ષામાં સમ્મત થયો. પુત્રી, જમાતા, અન્ય સંખ્યાબંધ સ્વજનો તથા નાગરિકો, ભ્રાતા ગોષ્ઠામાહિલ અને પોતાના પતિદેવ સોમદેવ વગેરે સમૂહની સાથે મહાબ્રાહ્મણી રુદ્રસોમાએ શ્રી આર્યરક્ષિતાચાર્યની પાસે જૈની દીક્ષા અંગીકાર કરી. જૈનદર્શનના સર્વોપરી પદને પામેલા એક સુપુત્રે પોતાની માતાના મોંઘા લોકોત્તર વાત્સલ્યનાં મોંઘાં લોકોત્તર મૂલ્ય મૂલવી પોતાનું દુષ્પ્રતિકાર ઋણવિમોચન કર્યું. ધન્ય એ માતાને! ધન્ય એ પુત્રને! હજારો વાર નમસ્કાર હો એ બન્નેના પરમ પવિત્ર પાદારવિન્દોમાં!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ ટાઈટલના બીજા પાનાથી ચાલુ ]

અનર્થદંડથી ઘણુ ઓસરવું, ક્રોધ માન માયા લોભનું કારણ મિલે ઇચ્છરોધા કરવો તે અભ્યંતર તપ છે. અપ્રસસ્થ જોગથી પ્રણામ સારા કરીને ઓસરવું તે અભ્યંતર તપ છે બાકી અર્થ અનેક ઘણા છે તે સર્વે કાગલ મધ્યે લિખ્યામે કેતલા આવે? ભાઇજી, તમે, સા ઝવેર કુસલાણી તથા સહુ હમણે ટોલાવાલા જિનશાસનના રાગી થયા છો, તે સર્વેને એક વાર શ્રીસૂરેત આવીને મલીએ એહવો મનોરથ થય છે પાંખ તથા લબધ હોય તો આવીઈ, તે તો હવે ગરઢ-પણ અવસ્થા થઇ છૈં, તિણે કરી અવરાય નહી મિલવાનો મનોરથ તો ઘણો રહે છે. અમો જાણુતા હતા જે સંઘવી તારાચંદ ફતેચંદના સંઘ મધ્યે શ્રી સિદ્ધાચલક્ષેત્રે ભેલા થાસૂ, તે પિણ અંતરાય જોગે તમારૂં મિલવાનું કારણ બનૂ નથી હવે તો ભાઈજી, તમો દેવયાત્રા કરવાને શ્રી રાજનગર અવરાય તો મિલવો થાય. અમારૂ મન પિણ શ્રી સૂરેત તિમને મિલવાનો મન ઘણો રહે છે પિણ સ્યે અવરાય?

સજન ફલજો ફૂલજો, વડ જિમ વસ્તર જોહ; માસાં વરસાં જો મિલ્યાં, રંગતે હવે રહેજ્યોહ.
ઉદાસીનતા સરલતા, સમતા રસ ફલ ચાખ; પર કોથલીમાં મતી પડે, નિજગુણ નિજમાં રાખ.
ડગ્રહાઅગ્ર આપથી ઉપજે, ત્રસ્ત્રી આપ જ લાય; આપે આપ વિચારતાં, આપ હી બુઝ જાય.
કંચન તજવો સયલ હે, ઓ પરનારીકા નેહ; પર નિંદા ને ઇરિખા, દુરલભ તજવો તેહ.
ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિન ઘોર અંધાર; જે પ્રાણી ભવજલ પડયાં, કિમ ઉતરસે પાર.
પંડિત સરસી ગોઠડી, મુઝ મન ખરી સોહાય; આલજે બોલાવતાં, માણકા આપી જાય.
બલીહારી પંડીત તણી, જસ મુખ અમીય ઝરંત; તાસ વચન શ્રવણે સુણત, મન રતી અતી કરંત.
એક અક્ષર વંકડો, જો ગુરુ તો સાદેય; અંધારે અજુયાલહુ, ફિરી ફીરી જોતી કરેય.
ચૂક નહી ચતૂર નર, સાધે આતમ કાજ; ભવ સાયર તરવા ભણી, બેસે ધરમ જિહાજ,
આતમસાર વિલોકણુ કરે, પુદગલને તે નવિ ચિત્ત ધરે; ઈણુ વિધે સાધે સુધાત્મા, તે જીવ હુવે પરમાત્મા.
આતમકૃષ્ટે જે જિન જોવે, જંગલમાં પિણુ મંગલ હોવે; પુદગલકૃષ્ટે જે જગધંધા, ડામા-ડોલ કરે જ્યું અંધા.
મન મંજુસ ગુણ રતન હે, ચપકર દીની તાલ; ગ્રાહક હોય તવ ખોલીએ, કુંચી વચન રસાલ.

બીજું સા શ્રી ભાઇદાસ, સા મોતીલાલ તથા જિનમાર્ગના રાગી જીવ હોય તે સર્વેને અમારા પ્રણામ કહેજો, તથા કહેજો જે જિનાગમ જિનથાપના પરમ આધાર છે. તેહની શ્રદ્ધા વિશેષ રાખજ્યો. સા પાનાચંદ વજાને કહેજો જે અમો શ્રી સૂરેત થકી અમદાવાદ આવ્યા તાર પછી તમારો કાગળ કોઇ આવ્યો નથી. તે કાગલ લિખ્યાનો આલસ કરો મા. અમો કાગલ તમને વિશેષે પહિલા લિખ્યા છે. ધર્મ સ્નેહ વીસરસો મા, અને દેવાધિદેવની યાત્રા કરતાં અમોને સંભારજો, અમો પિણુ અવસરે સંભારીયે છે. શેઠ ભાઈદાસ નેમીદાસને પ્રણામ વંચાવજો શેઠ ગોડીદાસનો ક્ષયોપસમ કોઇ રીતે ઘણો-સારો થયો છે. સં° ॥ ૧૮૨૭ ના કારતી સુદ ૭ વાર સુક્રે પં. સાધુજીને અમારી વંદના કહેજો. તથા કહેજો જે ક્ષયોપસમ કર્યો છે તે દિન દિન વિશેષ કરજો, સુકાને અમારા પ્રણામ કહેજો, અમને સંભારે તેને અમારા ધર્મસનેહ કહેજો. અમ સરખો કા° જે જોઇયે તે વલતા કાગલ સં° કાગલ લિખ્યાનો આલસ કરસ્યાં મા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

**(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક**

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

**(૨) દીપોત્સવી અંક**

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંકઃ મૂલ્ય સવા રૂપિયો.

**(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક**

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

**[૧] ક્રમાંક ૪૩**–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

**[૨] ક્રમાંક ૪૫**–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઇઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only